
# સ્વાધ્યાય-સરિતા





પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

ૐ

## ॐ મંગલાચરણ ॐ

ણમો અરિહંતાણં,
ણમો સિદ્ધાણં,
ણમો આઇરિયાણં,
ણમો ઉવજ્ઝાયાણં,
ણમો લોએ સવ્વસાહૂણં.

ચત્તારિ મંગલં—અરહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા—અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરહંતે સરણં પવ્વજ્જામિ,
સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ,
કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.

ચાર શરણ, મંગલ, ઉત્તમ જે કરે, ભવસાગરથી તે તરે, સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત, ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય, સંસારમાંહિ શરણ ચાર, અવર ન શરણ કોઈ, જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય. અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર, ગુરુ ગૌતમને સમરિયે તો, સદાય મનવાંછિત ફળ દાતાર.

* * *

# 卐 દેવ–સ્તુતિ 卐

અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધીશ્વરાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ.

તુભ્યં નમઃ ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમઃ ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય.

તીર્થંકરો જગતના જયવંત વર્તો,
ૐકારનાદ જિનનો જયવંત વર્તો;
જિનનાં સમોસરણ સૌ જયવંત વર્તો,
ને તીર્થ ચાર જગમાં જયવંત વર્તો.

જગના અગાધ તિમિરે પ્રભુ ! સૂર્ય તું છે,
અજ્ઞાન-અંધ જગનું પ્રભુ ! નેત્ર તું છે;
ભવસાગરે પતિતનું પ્રભુ ! નાવ તું છે,
માતા, પિતા, ગુરુ, જિનેશ્વર ! સર્વ તું છે.

અંકુર એક નથી મોહ તણો રહ્યો જ્યાં,
અજ્ઞાન-અંશ બળી ભસ્મરૂપે થયો જ્યાં;
આનંદ, જ્ઞાન, નિજ વીર્ય અનંત છે જ્યાં,
ત્યાં સ્થાન માગું —જિનનાં ચરણાંબુજોમાં.

ભલે સો ઇંદ્રોનાં તુજ ચરણમાં શિર નમતાં,
ભલે ઇંદ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!.

જે આભમાં જગત આ પરમાણુતુલ્ય,
તે અંતહીન નભનું જહીં પૂર્ણ જ્ઞાન;
સૌ દ્રવ્યના યુગપદે ત્રણ કાળ જાણે,
તે નાથને નમન હો મુજ નમ્રભાવે.

સન્માર્ગદર્શી, બોધિદાતા, કૃપા અતિ વર્ષાવતા,
આશ્રય અને કરુણા થકી, અમ રંકને ઉદ્ધારતા;
વિમળજ્ઞાની, શાન્તમૂર્તિ, દિવ્ય ગુણે દીપતા,
જિનરાજજી તુમ ચરણમાં, દીનભાવથી હો વંદના.

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ! તને, ત્રૈલોક્યના નાથને,
સદ્‌ગુરુજી સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું, જેની કરું માગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં, એ હાર્દની લાગણી.

*

# 卐 જિનવાણી-સ્તુતિ 卐

ૐકારં બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ.

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે;
ચિત્સ્વભાવાય ભાવાય સર્વભાવાંતરચ્છિદે.

## શ્રી સમયસારજીની ૧ થી ૧૬ ગાથા

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી–કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

**ગાથાર્થ** :—આચાર્ય કહે છે : હું ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો! શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

**ગાથાર્થ** :—હે ભવ્ય! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ; અને જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ.

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

**ગાથાર્થ** :—એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ-વિરોધ કરનારી છે.

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

**ગાથાર્થ** :—સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ

છે તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

ગાથાર્થ :—તે એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો છળ ન ગ્રહણ કરવું.

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

ગાથાર્થ :—જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી,—એ રીતે એને શુદ્ધ કહે છે; વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી.

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

ગાથાર્થ :—જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન—એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

ગાથાર્થ :—જેમ અનાર્ય (મલેચ્છ) જનને અનાર્યભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી.

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**

**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

ગાથાર્થ :—જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે; જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે, કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

ગાથાર્થ :—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

ગાથાર્થ :—જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન--ચારિત્રવાન થઈ ગયા તેમને તો શુદ્ધ(આત્મા)નો ઉપદેશ (આજ્ઞા) કરનાર શુદ્ધનય જાણવાયોગ્ય છે; વળી જે જીવો અપરમભાવે—અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન–ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ—સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

ગાથાર્થ :—ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ---એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

ગાથાર્થ :—જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ

રહિત—એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

ગાથાર્થ :—જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે,—કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

**દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.**

ગાથાર્થ :—સાધુ પુરુષે દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવાયોગ્ય છે; વળી તે ત્રણેને નિશ્ચયનયથી એક આત્મા જ જાણો.

**જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધ પ્રબુદ્ધા નમો લોકમાતા;**
**દુરાચાર દુર્નૈહરા શંકરાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.**

*

## 卐 ગુરુ-સ્તુતિ 卐

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમો ગણી;
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલમ્.

નમું હું તીર્થનાયકને, નમું ૐકારનાદને;
ૐકાર સંઘર્યો જેણે, નમું તે કુંદકુંદને.

અજ્ઞાનતિમિરાંધાનાં જ્ઞાનાંજનશલાકયા;
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ.

વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્ય ધ્વનિ ઝીલેલો;
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,
વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;
ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,
વંદું તને ફરી ફરી મુનિ કુંદકુંદ.

## 卐 ગુરુદેવ-સ્તુતિ 卐

અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુ કહાનનો.

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

ગણનાતીત ગુરુ–ઉપકાર મુજ અણુ અણુએ રે,
શબ્દોથી કેમ કથાય, નમું નમું ભાવે રે,
દેવ–ગુરુ તણો વસવાટ સદા મુજ દિલમાં રે,
શિવપદ તક રહું તુમ દાસ ભાવું ઉરમાં રે....

પાવન-મધુર-અદ્ભુત અહો! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી, નિત્યે અહો! ચિદ્રસ ભર્યાં;
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા,
ગુણમૂર્તિના ગુણગણ તણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.
(ભવ ભવ રહો અમ આત્મને સાંનિધ્ય આવા સંતનાં.)

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગ માંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી! જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં,
સ્થળ-સ્થળમાં 'ભગવાન આત્મ'ના ભણકારા સંભળાતા;
—કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.

*

## 卐 ભગવતી માતા-સ્તુતિ 卐

સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જ્ય તે.

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું,
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.
સીમંધર–ગણધર–સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

* * *

## પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલા મંત્રો

૧. શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.

૨. ધ્રુવધામના–ધ્યેયના–ધ્યાનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.

*(ભાવનગર, તા. ૨૮-૨-૭૭)*

૩. ચૈતન્યધાતુને ધરનાર ધ્રુવધણીનો ધૂની, ધૈર્યવાન, ધર્મધ્યાની ધર્મી ધન્ય છે. *(ભાવનગર, તા. ૨૮-૨-૭૭)*

૪. સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ. *(મુંબઈ, તા. ૧૯-૧૧-૮૦)*

## 卐 શ્રી સમયસારજીની ૪૭ શક્તિ 卐

**૧ : જીવત્વશક્તિ** :—આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં—આત્મામાં—ઊછળે છે.)

**૨ : ચિતિશક્તિ** :—અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.)

**૩ : દૃશિશક્તિ** :—અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી—સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી—દૃશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ.)

**૪ : જ્ઞાનશક્તિ** :—સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.)

**૫ : સુખશક્તિ** :—અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.

**૬ : વીર્યશક્તિ** :—સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.

**૭ : પ્રભુત્વશક્તિ** :—જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.

**૮ : વિભુત્વશક્તિ** :—સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.)

**૯ : સર્વદર્શિત્વશક્તિ** :—સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.

**૧૦ : સર્વજ્ઞત્વશક્તિ** :—સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે

પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.

**૧૧ : સ્વચ્છત્વશક્તિ** :—અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.)

**૧૨ : પ્રકાશશક્તિ** :—સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (—સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.

**૧૩ : અસંકુચિતવિકાસત્વશક્તિ** :—ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્વિલાસસ્વરૂપ (-ચૈતન્યના વિલાસસ્વરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ.

**૧૪ : અકાર્યકારણત્વશક્તિ** :—જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ. (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.)

**૧૫ : પરિણમ્યપરિણામકત્વશક્તિ** :—પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ. (પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.)

**૧૬ : ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ** :—જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (–નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.

**૧૭ : અગુરુલઘુત્વશક્તિ** :—ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ–પ્રતિષ્ઠત્વના કારણરૂપ (–વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ. [આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગ પરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી—સમાવેશ પામતી—વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (–જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ

છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.]

**૧૮ : ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ** :—ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.)

**૧૯ : પરિણામશક્તિ** :—દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (–સ્પર્શિત), સદશ અને વિસદશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ.

**૨૦ : અમૂર્તત્વશક્તિ** :—કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય (–સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મ-પ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ.

**૨૧ : અકર્તૃત્વશક્તિ** :—સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વ-માત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.)

**૨૨ : અભોક્તૃત્વશક્તિ** :—સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના (–ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.

**૨૩ : નિષ્ક્રિયત્વશક્તિ** :—સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મ-પ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (–અકંપતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ. (સકળ કર્મનો અભાવ થાય ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.)

**૨૪ : નિયતપ્રદેશત્વશક્તિ** :—જે અનાદિ સંસારથી માંડીને સંકોચ-વિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ

-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચ-વિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.)

**૨૫ : સ્વધર્મવ્યાપકત્વશક્તિ** :—સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ. (શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.)

**૨૬ : સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વશક્તિ** :—સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વશક્તિ.

**૨૭ : અનંતધર્મત્વશક્તિ** :—વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત-ધર્મત્વશક્તિ.

**૨૮ : વિરુદ્ધધર્મત્વશક્તિ** :—તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.

**૨૯ : તત્ત્વશક્તિ** :—તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે—પરિણમે છે.)

**૩૦ : અતત્ત્વશક્તિ** :—અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી.)

**૩૧ : એકત્વશક્તિ** :—અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્ય-મયપણારૂપ એકત્વશક્તિ.

**૩૨ : અનેકત્વશક્તિ** :—એક દ્રવ્યથી વ્યાપ્ય (વ્યપાવાયોગ્ય) જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ.

**૩૩ : ભાવશક્તિ** :—વિદ્યમાન–અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.

(અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.)

**૩૪ : અભાવશક્તિ** :—શૂન્ય (–અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ.)

**૩૫ : ભાવાભાવશક્તિ** :—ભવતા (-વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.

**૩૬ : અભાવભાવશક્તિ** :—નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ.

**૩૭ : ભાવભાવશક્તિ** :—ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ.

**૩૮ : અભાવાભાવશક્તિ** :—નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ (નહિ વર્તવારૂપ) અભાવાભાવશક્તિ.

**૩૯ : ભાવશક્તિ** :—(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (–હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.

**૪૦ : ક્રિયાશક્તિ** :—કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ.

**૪૧ : કર્મશક્તિ** :—પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ.

**૪૨ : કર્તૃશક્તિ** :—થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ.

**૪૩ : કરણશક્તિ** :—ભવતા (–વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમપણામયી (-ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.

**૪૪ : સંપ્રદાનશક્તિ** :—પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામયી (-તેને મેળવવાના યોગ્યપણામય, તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ.

**૪૫ : અપાદાનશક્તિ** :—ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવનો અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ.

**૪૬ : અધિકરણશક્તિ** :—ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.

**૪૭ : સંબંધશક્તિ** :—સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ. (પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી—એવા સંબંધમયી સંબંધશક્તિ.)

*

## 卐 શ્રી પ્રવચનસારજીની ૪૭ નય 卐

**૧ : દ્રવ્યનય** :—આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ).

**૨ : પર્યાયનય** :—આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શન-જ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ).

**૩ : અસ્તિત્વનય** :—આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;--લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)

**૪ : નાસ્તિત્વનય** :—આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે; —અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય

તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.)

**૫ : અસ્તિત્વનાસ્તિત્વનય :**—આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.)

**૬ : અવક્તવ્યનય :**—આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે, તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.)

**૭ : અસ્તિત્વ-અવક્તવ્યનય :**—આત્મદ્રવ્ય અસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું

તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ—અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.]

**૮ : નાસ્તિત્વ-અવક્તવ્યનય :**—આત્મદ્રવ્ય નાસ્તિત્વ-અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;—(પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.]

**૯ : અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનય :**—આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું–નાસ્તિત્વવાળું–અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨)

પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવક્તવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વ -અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે.]

**૧૦ : વિકલ્પનય :**—આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).

**૧૧ : અવિકલ્પનય :**—આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).

**૧૨ : નામનય :**—આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ).

**૧૩ : સ્થાપનાનય :**—આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક).

**૧૪ : દ્રવ્યનય :**—આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ).

**૧૫ : ભાવનય :**—આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે—પ્રકાશે—પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).

**૧૬ : સામાન્યનય :**—આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર–માળા–કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ).

**૧૭ : વિશેષનય :**—આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).

**૧૮ : નિત્યનય :**—આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય—ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ).

**૧૯ : અનિત્યનય :**—આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).

**૨૦ : સર્વગતનય :**—આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.

**૨૧ : અસર્વગતનય :**—આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.

**૨૨ : શૂન્યનય :**—આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.

**૨૩ : અશૂન્યનય :**—આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.

**૨૪ : જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનય :**—આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય–અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.

**૨૫ : જ્ઞાનજ્ઞેયદ્વૈતનય :**—આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને

જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).

**૨૬ : નિયતિનય** :—આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. [આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ.]

**૨૭ : અનિયતિનય** :—આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. [આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયત-સ્વભાવવાળું ભાસે છે તેમ.]

**૨૮ : સ્વભાવનય** :—આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.

**૨૯ : અસ્વભાવનય** :—આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.

**૩૦ : કાળનય** :—આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. [કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.]

**૩૧ : અકાળનય** :—આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.

**૩૨ : પુરુષકારનય** :—આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (-ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક. [પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.]

**૩૩ : દૈવનય** :—આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.

**૩૪ : ઈશ્વરનય** :—આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.

**૩૫ : અનીશ્વરનય** :—આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક.

**૩૬ : ગુણીનય** :—આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.

**૩૭ : અગુણીનય** :—આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

**૩૮ : કર્તૃનય** :—આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિ પરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ).

**૩૯ : અકર્તૃનય** :—આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

**૪૦ : ભોક્તૃનય** :—આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. [આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.]

**૪૧ : અભોક્તૃનય :**—આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. [આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે–ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ.]

**૪૨ : ક્રિયાનય :**—આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક. [ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખુલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.]

**૪૩ : જ્ઞાનનય :**—આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. [જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.]

**૪૪ : વ્યવહારનય :**—આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. [વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્‌ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ.]

**૪૫ : નિશ્ચયનય :**—આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. [નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ.]

**૪૬ : અશુદ્ધનય :**—આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.

**૪૭ : શુદ્ધનય :**—આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.

## શ્રી પ્રવચનસારજી ગાથા : ૧૭૨
## 'અલિંગગ્રહણ'ના વીસ બોલ

૧. ગ્રાહક (-જ્ઞાયક) એવા જેને <u>લિંગો</u> વડે એટલે કે ઇન્દ્રિયો વડે <u>ગ્રહણ</u> (-જાણવું) થતું <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિય-જ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૨. ગ્રાહ્ય (-જણાવાયોગ્ય) એવા જેનું, <u>લિંગો</u> વડે એટલે કે ઇન્દ્રિયો વડે <u>ગ્રહણ</u> (-જાણવું) થતું <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૩. જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ <u>લિંગ</u> દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (-ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું <u>ગ્રહણ</u> (-જાણવું) થતું <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિય-પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૪. બીજાઓ વડે માત્ર <u>લિંગ</u> દ્વારા જ જેનું <u>ગ્રહણ</u> થતું <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૫. જેને <u>લિંગ</u>થી જ પરનું <u>ગ્રહણ</u> થતું <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૬. <u>લિંગ</u> દ્વારા <u>નહિ</u> પણ સ્વભાવ વડે જેને <u>ગ્રહણ</u> થાય છે તે

અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૭. જેને <u>લિંગ</u> વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે <u>ગ્રહણ</u> એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૮. જે <u>લિંગ</u>ને એટલે કે ઉપયોગ નામના લક્ષણને <u>ગ્રહણ</u> કરતો <u>નથી</u> એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૯. <u>લિંગ</u>નું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું <u>ગ્રહણ</u> એટલે કે પરથી હરણ થઈ શકતું <u>નથી</u> (-બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૦. જેને <u>લિંગ</u>માં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં <u>ગ્રહણ</u> એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૧. <u>લિંગ</u> દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા <u>ગ્રહણ</u> એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૨. જેને <u>લિંગો</u> દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા <u>ગ્રહણ</u> એટલે કે વિષયોનો ઉપભોગ <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૩. <u>લિંગ</u> દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા <u>ગ્રહણ</u> એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (-અનુસરીને થનારો) નથી

એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૪. <u>લિંગ</u>નું એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) <u>ગ્રહણ</u> જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિક-સાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૫. <u>લિંગ</u> વડે એટલે કે અમેહનાકાર વડે જેનું <u>ગ્રહણ</u> એટલે કે લોકમાં વ્યાપવાપણું <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો—લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૬. જેને <u>લિંગો</u>નું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું <u>ગ્રહણ નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૭. <u>લિંગો</u>નું એટલે કે ધર્મચિહ્નોનું <u>ગ્રહણ</u> જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૮. <u>લિંગ</u> એટલે કે ગુણ એવું જે <u>ગ્રહણ</u> એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૧૯. <u>લિંગ</u> એટલે કે પર્યાય એવું જે <u>ગ્રહણ</u> એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

૨૦. <u>લિંગ</u> એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે <u>ગ્રહણ</u> એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને <u>નથી</u> તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

## શ્રી સમયસારજી ગાથા : ૪૯ 'અવ્યક્ત'ના છ બોલ

૧. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

૨. કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

૩. ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.

૪. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.

૫. વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.

૬. પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે.

## 卐 શ્રીમદ્ રાજચંદ્રજીના દસ બોલ 卐

૧. સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.

૨. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

૩. સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

૪. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

૫. સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

૬. સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

૭. સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

૮. પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

૯. પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

૧૦. પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

પરભાવથી વિરક્ત થા.

## 卐 ચોવીસ તીર્થંકર 卐

શ્રી ઋષભનાથ ભગવાન.
શ્રી અજિતનાથ ભગવાન.
શ્રી સંભવનાથ ભગવાન.
શ્રી અભિનંદનનાથ ભગવાન.
શ્રી સુમતિનાથ ભગવાન.
શ્રી પદ્મપ્રભુનાથ ભગવાન.
શ્રી સુપાર્શ્વનાથ ભગવાન.
શ્રી ચંદ્રપ્રભુનાથ ભગવાન.
શ્રી સુવિધિનાથ ભગવાન.
શ્રી શીતલનાથ ભગવાન.
શ્રી શ્રેયાંસનાથ ભગવાન.
શ્રી વાસુપૂજ્યનાથ ભગવાન.
શ્રી વિમલનાથ ભગવાન.
શ્રી અનંતનાથ ભગવાન.
શ્રી ધર્મનાથ ભગવાન.
શ્રી શાંતિનાથ ભગવાન.
શ્રી કુંથુનાથ ભગવાન.
શ્રી અરનાથ ભગવાન.
શ્રી મલ્લિનાથ ભગવાન.
શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન..
શ્રી નમિનાથ ભગવાન.
શ્રી નેમિનાથ ભગવાન.
શ્રી પાર્શ્વનાથ ભગવાન.
શ્રી મહાવીરનાથ ભગવાન.

## 卐 પાંચ બાલ બ્રહ્મચારી તીર્થંકર 卐

શ્રી વાસુપૂજ્યનાથ ભગવાન.
શ્રી મલ્લિનાથ ભગવાન.
શ્રી નેમિનાથ ભગવાન.
શ્રી પાર્શ્વનાથ ભગવાન.
શ્રી મહાવીરનાથ ભગવાન.

# 卐 પરમાગમસાર 卐

[પૂજ્ય ગુરુદેવશ્રીએ ખાસ લખાવેલા પરમાગમના સારભૂત અમૂલ્ય સિદ્ધાંતો.]

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં, સ્પર્શે નહીં.

—*સમયસાર ગાથા ૩.*

૨. દરેક દ્રવ્યનો દરેક પર્યાય ક્રમબદ્ધ થાય છે.

—*સમયસાર ગાથા ૩૦૮-૩૧૧.*

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યય કે ધ્રુવથી નથી.

—*પ્રવચનસાર ગાથા ૧૦૧.*

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

—*પંચાસ્તિકાયસંગ્રહ ગાથા ૬૨.*

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

—*સમયસાર ગાથા ૧૮૧-૧૮૩.*

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવો પડતો નથી.

—*સમયસાર શક્તિ ૩૩.*

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

—*સમયસાર ગાથા ૧૧.*

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

—*પંચાસ્તિકાયસંગ્રહ ગાથા ૧૭૨.*

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

—*નિયમસાર ગાથા ૧૪૫.*

૧૦. ધ્રુવનું આલંબન પણ વેદન નહીં અને પર્યાયનું વેદન પણ આલંબન નહીં.

—વચનામૃત બોલ ૩૭૬.

૧૧. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ.
પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના.

સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ.
પરક્ષેત્ર એટલે પ્રદેશમાં ભેદ પાડવો તે.
સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા.
પરકાળ એટલે એક સમયનો પર્યાય.
સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજશક્તિ.
પરભાવ એટલે ગુણભેદ (ગુણમાં ભેદ પાડવો તે.)

*—સમયસાર કળશ-ટીકા કળશ ૨૫૨.*

૧૨. પર્યાયનું કારણ પર્યાય જ છે.
પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.
પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે.
પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે.
પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.

*—ચિદ્‌વિલાસ પાનું ૮૯.*

૧૩. એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે.

*—ચિદ્‌વિલાસ પાનું ૭૫.*

૧૪. એક દ્રવ્યમાં અનંત ગુણ.
એક ગુણના અનંત પર્યાય.
એક પર્યાયમાં અનંત નૃત્ય.
એક નૃત્યમાં અનંત થટ.
એક થટમાં અનંત કળા.
એક કળામાં અનંત રૂપ.
એક રૂપમાં અનંત સત્‌ (-સત્તા).
એક સત્તામાં અનંત ભાવ.
એક ભાવમાં અનંત રસ.
એક રસમાં અનંત પ્રભાવ.

*—અધ્યાત્મપંચસંગ્રહ (સવૈયા પાનું ૧, જ્ઞાનદર્પણ પાનું ૨૬).*

૧૫. સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.
સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
પરભાવથી વિરક્ત થા.

*—શ્રીમદ્ રાજચંદ્ર.*

૧૬. **ભાવશક્તિ :**—વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.)

**ભાવશક્તિ :**—(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (—હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.

**ભાવનય :**—આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે—પ્રકાશે—પ્રતિભાસે છે.

*—સમયસાર શક્તિ ૩૩, ૩૯, પ્રવચનસાર નય ૧૫.*

૧૭. **અનેકાંત :**—એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

*—સમયસાર પરિશિષ્ટ પાનું ૬૦૯.*

૧૮. પરમાં અકિંચિત્કર હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી.

*—સમયસાર ગાથા. ૨૬૬.*

૧૯. દૃગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દૃગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દૃગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે.

—*દર્શનપાહુડ ગાથા ૩.*

૨૦. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.

—*નિયમસાર ગાથા ૩૮.*

૨૧. જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ શુદ્ધનિશ્ચયનયના બળે હેય છે. કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે.

—*નિયમસાર ગાથા ૫૦.*

૨૨. એક જ સમયમાં સર્વદર્શિત્વશક્તિ અને સર્વજ્ઞત્વશક્તિ છે.—આ અદ્ભુત રસ છે.

—અધ્યાત્મપંચસંગ્રહ. (પરમાત્મપુરાણ પાનું ૫૨).

* * *

* સ્વરૂપમાં જવાનો આળસુ અજ્ઞાની છે અને સ્વરૂપમાંથી બહાર નીકળવાનો આળસુ જ્ઞાની છે.

* કોઈપણ ગુણ ક્રમે નથી અને કોઈપણ પર્યાય અક્રમે નથી.

* અજ્ઞાની સજ્જન એવા સ્વભાવનો દુશ્મન-વેરી થયો છે અને દુર્જન એવા વિભાવનો મિત્ર-સાથી થયો છે!!!

* એક કાળે-સમયે જીવ અને પુદ્ગલને પરિણમતા દેખીને તેમના પરિણમનને એક માનવા તે મિથ્યાત્વ છે.

## 卐 એક જ..... 卐

❀ એક જ ધ્યેય છે—ધ્રુવધામ આત્મા. તે એકનું જ ધ્યાન ધરવું.

❀ એક જ જ્ઞેય છે—જ્ઞાનસ્વરૂપી આત્મા. તે એકનું જ જ્ઞાન કરવું.

❀ એક જ લક્ષ્ય છે—આનંદસ્વભાવી આત્મા. તે એકનું જ લક્ષ કરવું.

❀ એક જ દૃશ્ય છે—સહજાનંદી આત્મા. તે એકનું જ દર્શન કરવું.

❀ એક જ શ્રદ્ધેય છે—અભેદ શુદ્ધ આત્મા. તે એકની જ શ્રદ્ધા કરવી.

❀ એક જ સાધ્ય છે—અખંડ અવિનાશી આત્મા. તે એકની જ સાધના કરવી.

❀ એક જ આરાધ્ય છે—નિજ કારણપરમાત્મા. તે એકની જ આરાધના કરવી.

❀ એક જ આદરવાયોગ્ય છે—ચૈતન્યશીલ આત્મા. તે એકનો જ આદર કરવો.

❀ એક જ રમણતા કરવાયોગ્ય છે—અકષાયી આત્મા. તે એકમાં જ રમણતા કરવી.

❀ એક જ લીનતા કરવાયોગ્ય છે—સુખકંદ આત્મા. તે એકમાં જ લીનતા કરવી.

❀ એક જ એકાગ્રતા કરવાયોગ્ય છે—જ્ઞાનસાગર આત્મા. તે એકમાં જ એકાગ્રતા કરવી.

❀ એક જ વંદન કરવાયોગ્ય છે—દેવાધિદેવ નિજ આત્મા. તે એકને જ વંદન કરવું.

❀ એક જ મંગલ છે—પવિત્રતાની મૂર્તિ આત્મા. તે એકમાં જ નિવાસ કરવો.

❀ એક જ ઉત્તમ છે—સકલ નિરાવરણ આત્મા. તે એકને જ પ્રાપ્ત કરવો.

❀ એક જ શરણ છે—પ્રભુત્વશક્તિને ધરનાર આત્મા. તે એકનું જ શરણ લેવું.

❀ એક જ પક્ષ કરવાયોગ્ય છે—નયાતિક્રાંત પ્રભુ આત્મા. તે એકનો જ પક્ષ કરવો.

❀ એક જ પ્રતીતિ કરવાયોગ્ય છે—નિર્મળાનંદ ભગવાન આત્મા. તે એકની જ પ્રતીતિ કરવી.

❀ એક જ રુચિ કરવાયોગ્ય છે—વિજ્ઞાનઘન ભગવાન આત્મા. તે એકની જ રુચિ કરવી.

❀ એક જ પ્રેમ કરવાયોગ્ય છે—અનુપમ શાંતિસ્વરૂપ આત્મા. તે એકનો જ પ્રેમ કરવો.

❀ એક જ અનુભવ કરવાયોગ્ય છે—જ્ઞાનપુંજ વિભુ આત્મા. તે એકનો જ અનુભવ કરવો.

❀ એક જ મનન કરવાયોગ્ય છે—ગુણનું ગોદામ આત્મા. તે એકનું જ મનન કરવું.

❀ એક જ ચિંતવન કરવાયોગ્ય છે—શક્તિનું સંગ્રહાલય આત્મા. તે એકનું જ ચિંતવન કરવું.

❀ એક જ મંથન કરવાયોગ્ય છે—સ્વભાવનો સાગર આત્મા. તે એકનું જ મંથન કરવું.

❀ એક જ સ્વાધ્યાય કરવાયોગ્ય છે—ઈશ્વર શક્તિનો ભંડાર આત્મા. તે એકનો જ સ્વાધ્યાય કરવો.

❀ એક જ અભ્યાસ કરવાયોગ્ય છે—કારણસમયસાર આત્મા. તે એકનો જ અભ્યાસ કરવો.

* * *

## 卐 જિનદર્શન વિધિ 卐

(૧) પ્રથમ જિનમંદિરનાં પગથિયાં ચડતાં જ ભગવાનના જય જયકાર સાથે નિઃસહિ, નિઃસહિ, નિઃસહિ—એમ ત્રણ વાર બોલીને જિનમંદિરમાં પ્રવેશ કરવો. (નિઃસહિ એટલે સર્વ સાંસારિક કાર્યોનો નિષેધ).

(૨) પછી ભગવાનની વેદી સામે ૐ જય જય જય, નમોઽસ્તુ, નમોઽસ્તુ, નમોઽસ્તુ; ણમો અરિહંતાણં આદિ ણમોકાર મંત્ર અને ચત્તારિ મંગલં આદિ મંગલપાઠ બોલતાં-બોલતાં જિનેન્દ્ર ભગવાનને અષ્ટાંગ નમસ્કાર કરવા.

(૩) એ પછી ચિત્તને એકાગ્ર કરી ભગવાનની સ્તુતિઓ બોલવી અને સ્તુતિઓ બોલતાં-બોલતાં ત્રણ પ્રદક્ષિણા દેવી જોઈએ.

(૪) એ પછી ભગવાનને નમસ્કાર કરી નવ વાર ણમોકાર મંત્ર બોલી કાયોત્સર્ગ કરવો.

(૫) પછી એકચિત્તે પૂજા કરવી ને શાસ્ત્ર-સ્વાધ્યાય કરવો જોઈએ. અને

(૬) પછી વાંચેલાનું મનન કરવું, જોઈએ વિચારવું જોઈએ કે હું કોણ છું? ભગવાન કોણ છે? હું પોતે ભગવાન કેવી રીતે બની શકું? વગેરે ઉપર વિચાર કરવો જોઈએ.

## 卐 જિનદર્શનાર્થીની ભાવના 卐

**હે ભગવાન! મારું વર્તમાન આપના ભૂતકાળ જેવું છે, પણ મારું ભવિષ્ય આપના વર્તમાન જેવું હો એવી મારી અંતરની ભાવના છે.**

## 卐 જિનવંદના 卐

**તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ,**
**તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;**
**તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,**
**તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય.**

**અર્થ**:—ત્રણે જગતના જીવોની પીડાને હરનારા હે નાથ! આપને નમસ્કાર હો. પૃથ્વીતળના નિર્મળ આભૂષણ! આપને નમસ્કાર હો. ત્રણે

જગતના પરમેશ્વર! આપને નમસ્કાર હો. સંસારરૂપ સમુદ્રનું શોષણ કરનારા હે જિનેશ્વર! આપને નમસ્કાર હો.

**મોક્ષમાર્ગસ્ય નેતારં, ભેત્તારં કર્મભૂભૃતાં;**
**જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં, વન્દે તદ્ગુણલબ્ધયે.**

**અર્થ :**—હે મોક્ષમાર્ગના નેતા! કર્મરૂપી પર્વતના ભેદનાર! વિશ્વના તત્ત્વોના જ્ઞાતા! આપને તે ગુણોની પ્રાપ્તિ અર્થે વંદન કરું છું.

**નમઃ શ્રીવર્દ્ધમાનાય, નિર્ધૂતકલિલાત્મને;**
**સાલોકાનાં ત્રિલોકાનાં, યદ્વિદ્યા દર્પણાયતે.**

**અર્થ :**—જેમણે આત્માનો પાપમળ નિર્મૂળ કર્યો છે, જેમની વિદ્યામાં (કેવળજ્ઞાનમાં) અલોક સહિત ત્રણે લોકના બધાય પદાર્થો દર્પણની જેમ પ્રતિભાસિત થાય છે—એવા શ્રી વર્ધમાન જિનને નમસ્કાર હો!

## 卐 જિનદર્શન-સ્તોત્ર 卐

**દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનં;**
**દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્.**
**શ્રી જિનેન્દ્રકા પાવન દર્શન, અગણિત પાતક નાશક હૈ;**
**શુભ સોપાન સ્વર્ગ વૈભવકા, મોક્ષમાર્ગકા સાધન હૈ.**

દેવાધિદેવનાં (જિનેન્દ્રદેવનાં) દર્શન પાપનો નાશ કરનાર છે; તેમનાં દર્શન સ્વર્ગનું સોપાન (સીડી) છે; (આત્મશુદ્ધિ સહિત) તેમનાં દર્શન (વ્યવહારનયથી) મોક્ષનું સાધન છે. ૧.

**દર્શનેન જિનેન્દ્રાણાં, સાધૂનાં વંદનેન ચ;**
**ન ચિરં તિષ્ઠતે પાપં, છિદ્રહસ્તે યથોદકમ્.**
**શ્રી જિનદર્શન ગુરુવંદનસે, પાપ ન પાતે કિંચિત્ ફલ;**
**સહસા શીઘ્ર પલાયન હોતે, યથા ભગ્ન અંજુલિકા જલ.**

જિનેન્દ્રદેવનાં દર્શનથી અને સાધુની (આચાર્ય-ઉપાધ્યાય-સાધુની) વંદનાથી પાપ દીર્ઘ કાળ સુધી રહેતું નથી; જેમ છિદ્રવાળી હથેળીમાં પાણી રહી શકતું નથી તેમ. ૨.

વીતરાગમુખં દૃષ્ટ્વા, પદ્મરાગસમપ્રભં;
જન્મ-જન્મકૃતં પાપં, દર્શનેન વિનશ્યતિ.

પદ્મરાગ મણિ સદૃશ કાંતિ યુત, શ્રી જિન આનન દર્શ કિયા;
ચિર સંચિત અઘ ગણકા સત્વર, હૈ સમૂલ કુલ નષ્ટ હુઆ.

વીતરાગના પદ્મરાગ (માણેક) જેવી કાંતિવાળા મુખને જોઈને, તેમનાં દર્શનથી અનેક જન્મોમાં કરેલાં પાપનો નાશ થાય છે. ૩.

દર્શનં જિનસૂર્યસ્ય, સંસારધ્વાન્તનાશનં;
બોધનં ચિત્તપદ્મસ્ય, સમસ્તાર્થપ્રકાશનમ્.

શ્રી જિન રવિ દર્શન દ્વારા, અજ્ઞાન તિમિરકા હોતા નાશ;
માનસ કંજ પ્રફુલ્લિત હોતા, આત્મ-તત્ત્વકા પૂર્ણ પ્રકાશ.

જિનેન્દ્રરૂપ સૂર્યનાં દર્શનથી સંસારરૂપ અંધકારનો નાશ થાય છે અને સમસ્ત પદાર્થોનો પ્રકાશ કરનાર (જાણનાર) એવું ચિત્તકમળ ખીલી નીકળે છે. ૪.

દર્શનં જિનચંદ્રસ્ય, સદ્ધર્મામૃતવર્ષણં;
જન્મદાહવિનાશાય, વર્ધનં સુખવારિધેઃ.

ઇન્દુ સદૃશ જિન અવલોકનસે, જન્મ ભ્રમણ દવ હોતી શાન્ત;
ધર્મામૃતકા વર્ષણ હોતા, સુખ જલનિધિકી બઢતી કાન્ત.

સદ્ધર્મામૃત વર્ષાવનાર જિનેન્દ્રચંદ્રનું દર્શન જન્મદાહનો વિનાશ કરવા માટે સુખસમુદ્રની વૃદ્ધિ (ભરતી) લાવનાર છે. ૫.

જીવાદિતત્ત્વ પ્રતિપાદકાય, સમ્યક્ત્વમુખ્યાષ્ટગુણાર્ણવાય;
પ્રશાંતરૂપાય દિગમ્બરાય, દેવાધિદેવાય નમો જિનાય.

જીવાદિક સાતોં તત્ત્વોંકે, ઉપદેશક ગુણ અષ્ટ નિધાન;
શાન્ત સ્વરૂપ દિગંબર મુદ્રા, નમોં જિનેશ્વર સમકિત-ખાન.

જે જીવાદિ તત્ત્વના પ્રતિપાદક છે, સમ્યક્ત્વપ્રમુખ આઠ ગુણોના (-નિર્મળ પર્યાયો પ્રગટ કરવા માટે નિમિત્ત તરીકે) આશ્રય છે, જે

પ્રશાંતરૂપ, દિગંબર અને દેવાધિદેવ છે એવા તે જિનેન્દ્રદેવને નમસ્કાર. ૬.

ચિદાનન્દૈકરૂપાય, જિનાય પરમાત્મને;
પરમાત્મપ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મને નમઃ.

જ્ઞાનાનંદ સ્વરૂપ અષ્ટ, -કર્મોં કે વિજયી સિદ્ધ અનૂપ;
આત્મમગ્ન પરમાત્મ-પ્રકાશક, પ્રણમોં અવિચલ શિવપુર ભૂપ.

જે એક (-કેવળ, માત્ર) ચિદાનંદરૂપ છે, પરમાત્મા છે, પરમાત્મના પ્રકાશનાર છે, સિદ્ધાત્મા છે, (જેમને આત્મા પરિપૂર્ણ નિર્મળતારૂપ પરિણમીને સિદ્ધ—પ્રાપ્ત થયો છે,) એવા જિનેન્દ્રદેવને સદા નમસ્કાર હો.૭

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;
તસ્માત્કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર.

પ્રભો! આપ હી શરણ સહાઈ, અન્ય શરણ નહિ ત્રિજગ મઝાર;
અતઃ ઘોર સંસાર પતનસે, કીજે કૃપયા મમ ઉદ્ધાર.

હે જિનેશ્વર! બીજું કોઈ શરણ નથી, તમે જ મારું શરણ છો; તેથી કારુણ્યભાવે (કરુણા કરીને) મારું રક્ષણ કરો—રક્ષણ કરો! ૮.

નહિ ત્રાતા નહિ ત્રાતા, નહિ ત્રાતા જગત્ત્રયે;
વીતરાગાત્પરો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.

ત્રિજગ મધ્ય નહિ રક્ષક કોઈ, યદિ હૈં તો શ્રી જિનવરદેવ;
કારણ તિનસમ અખિલ વિશ્વમેં, હુઆ ન હોગા કોઈ દેવ.

ત્રણ લોકમાં વીતરાગ સિવાય (-વીતરાગથી ઊંચો) બીજો કોઈ દેવ રક્ષણહાર નથી, નથી, નથી; ન થયો છે, ન થશે. ૯.

જિને ભક્તિર્જિને ભક્તિર્જિને ભક્તિર્દિને દિને;
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ, સદા મેઽસ્તુ ભવે ભવે.

પ્રભો! યહી આકાંક્ષા મેરી, પૂર્ણ કીજિએ અહો! જિનેશ;
પ્રતિદિન તથા અન્ય ભવમેં હો, ભક્તિ આપકી અટલ મહેશ.

ભવોભવ મને દરરોજ જિનેન્દ્રદેવ પ્રત્યે ભક્તિ સદા હો, સદા હો ને સદા હો. ૧૦.

જિનધર્મવિનિર્મુક્તો, મા ભવેચ્ચક્રવર્ત્યપિ;
સ્યાચ્ચેટોઽપિ દરિદ્રોપિ, જિનધર્માનુવાસિતઃ.

**શ્રી જિનધર્મ વિહીન ચક્રપતિ, હોના ભી સ્વીકાર નહીં;**
**કિન્તુ ધર્મ સંયુત નિર્ધન,–સેવક હોના હૈ ઉચિત કહીં.**

જિનધર્મ વિહીન ચક્રવર્તીપણું પણ ન હો, પરંતુ જો જિનધર્મથી સુવાસિત છે તો દાસ કે દરિદ્રપણું હોય તો ભલે હો.૧૧

જન્મ-જન્મકૃતં પાપં, જન્મકોટિમુપાર્જિતમ્;
જન્મ-મૃત્યુ-જરારોગં, હન્યતે જિનદર્શનાત્.

**ઇસ પ્રકાર જિનવર દર્શનસે, વિષમ અમિત દુખ હોતે નષ્ટ;**
**જન્મ, જરા, મૃત-તીવ્ર રોગકા, મિટ જાતા હૈ સત્વર કષ્ટ.**

જન્મોજન્મ કરેલાં અને કરોડો જન્મોમાં ઉપાર્જિત પાપ તેમ જ જન્મ-જરા-મૃત્યુરૂપી રોગ જિનેન્દ્રદેવનાં દર્શનથી હણાય છે. ૧૨.

અદ્યાભવત્સફલતાં નયનદ્વયસ્ય,
દેવ ત્વદીય ચરણાંબુજવીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલક પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણમ્.

**આજ યુગલ દગ હુએ સફલ, તુમ ચરણકમલસે હે પ્રભુવર;**
**હે ત્રિલોક કે તિલક, આજ લગતા ભવસાગર ચુલ્લૂભર.**

હે જિનેન્દ્રદેવ! આપનાં ચરણકમળનાં દર્શનથી આજે (મારાં) બંને નેત્રો સફળ થયાં; હે ત્રિલોકતિલક (જિનેન્દ્રદેવ)! આજે મને આ સંસાર-સાગર ચુલુક (અંજલી, હથેળીનાં જળ) જેટલાં (અત્યલ્પ) ભાસે છે. ૧૩.

* * *

# 卐 શ્રી ચતુર્વિંશતિ જિન-સ્તુતિ 卐

## ૧. શ્રી ઋષભદેવજિન–સ્તુતિ

(મન્દાક્રાન્તા છંદ)

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી;
વે'તો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વંદું છું તે ઋષભજિનને ધર્મધોરી પ્રભુને.

## ૨. શ્રી અજિતનાથજિન–સ્તુતિ

દેખી મૂર્તિ અજિતજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરીફરી પ્રભુ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ! તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

## ૩. શ્રી સંભવનાથજિન–સ્તુતિ

જે શાન્તિના સુખ સદનમાં મુક્તિમાં નિત્ય રાજે,
જેની વાણી ભવિક જનના ચિત્તમાં નિત્ય ગાજે;
દેવેન્દ્રોની પ્રણયભરની ભક્તિ જેને જ છાજે,
વંદું તે સંભવજિનતણાં પાદપદ્મો હું આજે.

## ૪. શ્રી અભિનંદનજિન–સ્તુતિ

ચોથા આરારૂપ નભ વિષે દીપતાં સૂર્ય જેવા,
ઘાતી કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા;
સાચે ભાવે ભવિક જનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણયુગલે હું ચહું નિત્ય રહેવા.

### ૫. શ્રી સુમતિનાથજિન–સ્તુતિ

આ સંસારે ભ્રમણ કરતાં શાન્તિ માટે જિનેન્દ્ર!
દેવો સેવ્યા કુમતિ વશથી મેં બહુયે મુનીન્દ્ર!
તો યે ના'વ્યો ભવભ્રમણથી છૂટકારો લગારે,
શાન્તિદાતા સુમતિજિનજી! દેવ છે તું જ મારે.

### ૬. શ્રી પદ્મપ્રભજિન–સ્તુતિ

સોના કેરી સુરવિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવાં પ્રભુ ચરણના સંગથી દીપ્તિ ધારી;
દેખી ભવ્યો અતિ ઉલટથી હર્ષનાં આંસુ લાવે,
તે શ્રી પદ્મપ્રભુ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે.

### ૭. શ્રી સુપાર્શ્વનાથજિન–સ્તુતિ

આખી પૃથ્વી સુખમય બની આપના દર્શ કાળે,
ભવ્યો પૂજે ભય રહિત થઈ આપને પૂર્ણ વ્હાલે;
પામે મુક્તિ ભવભય થકી જે સ્મરે નિત્યમેવ,
નિત્યે વંદું તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેષ્ટ દેવ!

### ૮. શ્રી ચંદ્રપ્રભજિન–સ્તુતિ

જેવી રીતે શશિકિરણથી ચંદ્રકાન્ત દ્રવે છે,
તેવી રીતે કઠિણ હૃદયે હર્ષનો ધોધ વ્હે છે;
દેખી મૂર્તિ અમૃતઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભજિન! મને આપજો સેવ સારી.

### ૯. શ્રી સુવિધિનાથજિન–સ્તુતિ

સેવા માટે સુરનગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુરગિરિ પરે અષ્ટ પૂજા રચાવે;

નાટ્યારંગે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિ જિનની કોણને ચિત્ત ના'વે?

### ૧૦. શ્રી શીતલનાથજિન–સ્તુતિ

આધિ વ્યાધિ પ્રમુખ બહુયે તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલજિનની જાણીને હર્ષ આણી;
નિત્યે સેવે મન વચન ને કાયથી પૂર્ણ ભાવે,
કાપી ખંતે દુરિત ગણને પૂર્ણ આનંદ પાવે.

### ૧૧. શ્રી શ્રેયાંસનાથજિન–સ્તુતિ

(શાર્દૂલવિક્રીડિત છંદ)

જે હેતુ વિણ વિશ્વનાં દુઃખ હરે, ન્હાયા વિના નિર્મળા,
જીતે આંતર શત્રુને સ્વબળથી, દ્વેષાદિથી વેગળા;
વાણી જે મધુરી વદે ભવતરી ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસ જિણંદનાં ચરણની ચાહું સદા ચાકરી.

### ૧૨. શ્રી વાસુપૂજ્યજિન–સ્તુતિ

જે ભેદાય ન ચક્રથી, ન અસિથી કે ઇન્દ્રના વજ્રથી,
એવાં ગાઢ કુકર્મ હે જિનપતે! છેદાય છે આપથી;
જે શાન્તિ નવ થાય ચંદન થકી, તે શાન્તિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ! હું પ્રણયથી નિત્યે નમું આપને.

### ૧૩. શ્રી વિમલનાથજિન–સ્તુતિ

(મંદાક્રાન્તા છંદ)

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલજિનના ધ્યાનથી નષ્ટ થાય;
પાપો જૂનાં બહુ ભવ તણાં અજ્ઞતાથી કરેલાં,
તે માટે હે જિન! તુજ પદે પંડિતો છે નમેલા.

## ૧૪. શ્રી અનંતનાથજિન-સ્તુતિ

જેઓ મુક્તિનગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ-સંત;
જેની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મારા હૃદયકમલે આવજો શ્રી અનંત.

## ૧૫. શ્રી ધર્મનાથજિન-સ્તુતિ

સંસારાંભોનિધિ જળ વિષે બૂડતો હું જિનેન્દ્ર!
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીન્દ્ર!
લાખો યત્નો યદિ જન કરે તોય ના તેહ છોડું,
નિત્યે ધર્મપ્રભુ! તુજ કને ભક્તિથી હાથ જોડું.

## ૧૬. શ્રી શાન્તિનાથજિન-સ્તુતિ

જાણ્યા જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાન્તિ કીધી પણ પ્રભુ! તમે સર્વ આ લોકમાંહી;
ષટ્ ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.

## ૧૭. શ્રી કુંથુનાથજિન-સ્તુતિ

જેની મૂર્તિ અમૃત ઝરતી ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે;
જેની સેવા પ્રણયભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુંથુજિનચરણમાં ચિત્ત મારું ઠરે છે.

## ૧૮. શ્રી અરનાથજિન-સ્તુતિ

જે દુઃખોના વિષમ ગિરિઓ વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા સૂર્યની જેમ છેદે;

જેની પાસે તૃણ સમ ગણે સ્વર્ગને ઇંદ્ર જેવા,
એવી સારી અરજિન! મને આપજો આપ સેવા.

## ૧૯. શ્રી મલ્લિનાથજિન–સ્તુતિ

તાર્યા ભવ્યો અતિ પ્રભાવે જ્ઞાનના દિવ્ય તેજે.
સર્વજ્ઞ છો! સર્વદર્શી પ્રભુ! ત્રૈલોક્યના નાથ ગાજે;
સચ્ચારિત્રે જન-મન-હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ! મને આપજો સેવ સારી.

## ૨૦. શ્રી મુનિસુવ્રતજિન–સ્તુતિ

(શાર્દૂલવિક્રીડિત છંદ)

અજ્ઞાનાંધ કૃતિ વિનાશ કરવા જે સૂર્ય જેવા કહ્યા,
જેણે અષ્ટ પ્રકારનાં કઠિણ જે કર્મો બધાં તે દહ્યાં;
જેની આત્મસ્વભાવમાં રમણતા જે મુક્તિદાતા સદા,
એવા તે મુનિસુવ્રતેશ નમિએ જેથી ટળે આપદા.

## ૨૧. શ્રી નમિનાથજિન–સ્તુતિ

વૈરી કર્મ નમ્યા પ્રભુશ્રી જિનને આત્મપ્રભાવે કરી,
કીર્તિચન્દ્ર કરોજ્જ્વલા દિશિ દિશિ આ વિશ્વમાં વિસ્તરી;
આપી બોધ અપૂર્વ આ જગતને પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ ! આપ ચરણે પામ્યો ખરા ધર્મને.

## ૨૨. શ્રી નેમિનાથજિન–સ્તુતિ

લોભાવે લલના તણાં લલિત શું ત્રિલોકના નાથને?
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી શું સ્વર્ણના શૈલને?
શું સ્વાર્થે જિનદેવ એ પશુ તણાં પોકારને સાંભળે?
શ્રીમન્નેમિજિનેન્દ્ર સેવન થકી શું શું જગે ના મળે?

## ૨૩. શ્રી પાર્શ્વનાથજિન–સ્તુતિ

ધૂણીમાં બળતો દયાનિધિ! તમે જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં આપી મહા મંત્રને;
કીધો શ્રી ધરણેન્દ્ર ને ભવ થકી તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વજિનેન્દ્ર! નાશરહિતા સેવા તમારી મને.

## ૨૪. શ્રી મહાવીરજિન–સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ!
મારા ચિત્તચકોરને જિન! તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ!
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીરદેવ! મુજને પાપી મહા કર્મથી.

*

## 卐 શ્રી સીમંધરજિન–સ્તુતિ 卐

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શિર નામી નામી.

## 卐 શ્રી જિન–સ્તુતિ 卐

દેખી મૂર્તિ .........જિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરીફરી પ્રભુ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ! તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

* * *

# 卐 શ્રી જિનેન્દ્રપૂજા 卐

## 卐 ભૂમિકા 卐

અનંત ચતુષ્ટયપ્રાપ્ત જિનેન્દ્રદેવનો જય!

હે જીવો! જો તમે આત્મકલ્યાણ ઇચ્છતા હો તો પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરો. તે માટે સત્‌સમાગમ દ્વારા સમસ્ત પ્રકારે પરિપૂર્ણ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો, તેનું લક્ષ અને આશ્રય કરો. કહ્યું છે કે :—

**આપા નહિં જાના તૂને, કૈસા જ્ઞાનધારી રે;**
**દેહાશ્રિત કરિ ક્રિયા આપકો, માનત શિવમગચારી રે.**

પૂજારીઓ! વીતરાગતા અને સર્વજ્ઞતાના નિર્ણય વિના પૂજા કેવી અને કોની? સૌથી પહેલાં રાગરહિત જ્ઞાયકસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ. તે જ જિનપ્રવચનનો સાર અને જિનવાણીની ભક્તિ છે. તેથી હે ભક્તો! તત્ત્વનિર્ણય કરીને સાચા ભક્ત બનો.

પૂજારી......કોનો?

હે જીવ! તું જ્યારે ભગવાન જિનેન્દ્રદેવની પૂજા કરે છે ત્યારે પૂજાનો શુભરાગ તને વહાલો છે? કે ભગવાનની વીતરાગતા તને વહાલી છે? તેનો વિચાર કર.

જો વીતરાગતાનો આદર ને પૂજ્યભાવ હોય તો જ તારી પૂજા સાચી છે, પણ જો તને રાગનો આદર હોય તો તેં વીતરાગને નથી પૂજ્યા, રાગને જ પૂજ્યો છે.

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**

**જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,**
**જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને.**

*

## 卐 જિનેન્દ્ર-અભિષેક 卐

દૂરાવનમ્રસુરનાથકિરીટકોટી-
સંલગ્નરત્નકિરણચ્છવિધૂસરાંઘ્રિં;
પ્રસ્વેદતાપમલમુક્તમપિ પ્રકૃષ્ટૈ-
ર્ભક્ત્યા જલૈર્જિનપતિં બહુધાઽભિષિંચે.

**અર્થ :**—જેમનાં ચરણો દૂરથી નમ્ર થયેલા ઇન્દ્રોના મુગટના અગ્રભાગમાં લાગેલાં રત્નોની કિરણાવલિથી પ્રકાશિત થઈ રહ્યાં છે અને જે પરસેવો, તાપ અને મળથી મુક્ત છે તે જિનેન્દ્રદેવનો હું પ્રકૃષ્ટ ભક્તિપૂર્વક જલથી અનેકવાર અભિષેક કરું છું.

ૐ હ્રીં શ્રીમન્તં ભગવન્તં કૃપાલસંતં વૃષભાદિમહાવીરપર્યન્ત-ચતુર્વિંશતિતીર્થંકરપરમદેવં આદ્યાનાં આદ્યે જમ્બૂદ્વીપે ભરતક્ષેત્રે આર્યખંડે........ દેશે............નામ્નિનગરે..................ચૈત્યાલયે વીરનિર્વાણ.................સંવત્સરે માસાનામુત્તમે.........માસે.............પક્ષે.............શુભદિને મુનિઆર્યિકા–શ્રાવક-શ્રાવિકાણાં સકલકર્મક્ષયાર્થં જલેનાભિષિંચે.

*

## 卐 ગંધોદક લેવાનો મંત્ર 卐

(ગંધોદક લેતી વખતે બોલવાનો શ્લોક)

નિર્મલં નિર્મલીકારં, પવિત્રં પાપનાશકં;
જિનગંધોદકં વંદે, કર્માષ્ટકવિનાશકં.

પદ્યાનુવાદ:—


નિર્મલસે નિર્મલ અતિ, અઘનાશક સુખસીર;
વંદૂં જિનઅભિષેકકૃત, યહ ગંધોદક નીર.

*

## 卐 પૂજાની વિધિ 卐

૧. સ્વચ્છ ખૂમચામાં (થાળીમાં) પૂર્ણ સ્વસ્તિક (સાથિયો) કરવો.

૨. પછી નીચે 'શ્રી' શબ્દ લખવો.



શ્રી

# 卐 પૂજાની પ્રારંભિક વિધિ 卐

**ૐ જય જય જય, નમોઽસ્તુ, નમોઽસ્તુ, નમોઽસ્તુ. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં, ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં.**

ૐ હ્રીં અનાદિમૂલમંત્રેભ્યો નમઃ સ્વાહા. (પુષ્પાંજલિ ચડાવવી.)

(ઉપર મુજબ પાઠ ભણી પુષ્પ એટલે ચંદનમિશ્રિત ચોખા ખૂમચામાં કરેલા સાથિયા ઉપર ચડાવવા.)

**અર્થ** :—હે જિનેન્દ્ર ભગવાન! આપનો જય હો, જય હો, જય હો. આપને અમારા નમસ્કાર હો, નમસ્કાર હો, નમસ્કાર હો.

અરહન્તોને નમસ્કાર હો, સિદ્ધોને નમસ્કાર હો, આચાર્યોને નમસ્કાર હો, ઉપાધ્યાયોને નમસ્કાર હો અને લોકવર્તી સર્વે સાધુઓને નમસ્કાર હો.

**ચત્તારિ મંગલં—અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.**

**ચત્તારિ લોગુત્તમા—અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.**

**ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.**

ૐ હ્રીં નમોઽર્હતે સ્વાહા. (પુષ્પાંજલિ ચડાવવી)

**અર્થ** :—લોકમાં મંગલ ચાર છે—(૧) અરહંત ભગવાન મંગળ છે, (૨) સિદ્ધ ભગવાન મંગળ છે, (૩) સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) મંગળ છે તથા (૪) કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મ મંગળ છે.

જે રાગ-દ્વેષ-મોહરૂપી પાપને ગાળે અને સાચું સુખ ઉત્પન્ન કરે તેને મંગળ કહે છે. અરહંતાદિક સ્વયં મંગળમય છે અને તેમના પ્રત્યે ભક્તિભાવથી પરમ મંગળ થાય છે.

લોકમાં ઉત્તમ ચાર છે—(૧) અરહંત ભગવાન ઉત્તમ છે, (૨) સિદ્ધ ભગવાન ઉત્તમ છે, (૩) સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) ઉત્તમ છે તથા (૪) કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મ ઉત્તમ છે.

લોકમાં જે સૌથી મહાન હોય તેને ઉત્તમ કહે છે. લોકમાં આ ચારેય સૌથી મહાન છે, તેથી ઉત્તમ છે.

હું ચારના શરણે જાઉં છું—(૧) અરહંત ભગવાનના શરણે જાઉં છું, (૨) સિદ્ધ ભગવાનના શરણે જાઉં છું, (૩) સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ)ના શરણે જાઉં છું અને (૪) કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મના શરણે જાઉં છું.

આધારને શરણ કહેવામાં આવે છે. પંચપરમેષ્ઠીએ બતાવેલ માર્ગે ચાલીને પોતાના આત્માનું શરણ લેવું તે જ પંચપરમેષ્ઠીનું શરણ છે. જે વ્યક્તિ પંચપરમેષ્ઠીનું શરણ લે છે તેનું કલ્યાણ થાય છે અર્થાત્ દુઃખ (ભવભ્રમણ) મટી જાય છે.

**ઉદકચન્દનતન્દુલપુષ્પકૈશ્ચરુસુદીપસુધૂપફલાર્ઘકૈઃ;**
**ધવલમંગલગાનરવાકુલે જિનગૃહે જિનનાથમહં યજે.**

**અર્થ**:—હું નિર્મલ અથવા ઉચ્ચ અને મંગલ ગાન (માંગલિક, જિનેન્દ્ર સ્તવન, પૂજનાદિ)ના શબ્દોથી ગૂંજાયમાન આ જિનમંદિરમાં જિનેન્દ્રદેવનું જલ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફલ તથા અર્ઘદ્વારા પૂજન કરું છું.

ૐ હ્રીં શ્રી વિદેહીનાથ સીમંધરતીર્થંકરાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી આદિનાથજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી ચતુર્વિંશતિતીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્યદેવાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી ભગવજ્જિનસહસ્રનામેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## 卐 મંગલ-વિધાન 卐

**અપવિત્રઃ પવિત્રો વા સુસ્થિતો દુઃસ્થિતોઽપિ વા,**
**ધ્યાયેત્પંચનમસ્કારં સર્વપાપૈઃ પ્રમુચ્યતે.**

**અર્થ** :—(ધ્યાન કરતી વખતે) મનુષ્ય પવિત્ર કે અપવિત્ર હોય, સારી જગ્યામાં હોય કે ખરાબ જગ્યામાં હોય તોપણ પંચપરમેષ્ઠીના નમસ્કાર મંત્રનો જાપ કરવાથી બધાં જ પાપોથી છૂટી જાય છે.

**અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોઽપિ વા,**
**યઃ સ્મરેત્પરમાત્માનં સ બાહ્યાભ્યંતરે શુચિઃ.**

**અર્થ** :—પવિત્ર કે અપવિત્ર અથવા અન્ય સર્વ અવસ્થાઓમાં રહીને જે પુરુષ પરમાત્માનું સ્મરણ કરે છે તે અંદર અને બહાર બધે જ પવિત્ર છે.

**અપરાજિતમંત્રોઽયં સર્વવિઘ્નવિનાશનઃ,**
**મંગલેષુ ચ સર્વેષુ પ્રથમં મંગલં મતઃ.**

**અર્થ**:—આ નમસ્કાર મંત્ર અજેય છે, બધાં જ વિઘ્નોનો વિનાશ કરવાવાળો છે અને બધાં જ મંગળોમાં પ્રથમ મંગળ માનવામાં આવ્યું છે.

**એસો પંચણમોયારો સવ્વપાવપ્પણાસણો,**
**મંગલાણં ચ સવ્વેસિં પઢમં હોઈ મંગલં.**

**અર્થ** :—આ નમસ્કાર મંત્ર બધાં જ પાપોનો નાશ કરવાવાળો અને બધાં જ મંગલોમાં મુખ્ય મંગલ છે.

**અર્હમિત્યક્ષરં બ્રહ્મવાચકં પરમેષ્ઠિનઃ,**
**સિદ્ધચક્રસ્ય સદ્બીજં સર્વતઃ પ્રણમામ્યહમ્.**

**અર્થ** :—'અર્હમ્'એ અક્ષર પરબ્રહ્મ–પરમેષ્ઠિનો વાચક છે અને સિદ્ધસમૂહનો સત્ બીજાક્ષર છે. હું તેને મન–વચન–કાયાથી નમસ્કાર કરું છું.

**કર્માષ્ટકવિનિર્મુક્તં મોક્ષલક્ષ્મીનિકેતનમ્,**
**સમ્યક્ત્વાદિગુણોપેતં સિદ્ધચક્રં નમામ્યહમ્.**

અર્થ :—આઠ કર્મોથી રહિત, મુક્તિરૂપી લક્ષ્મીનું મંદિર અને સમ્યક્ત્વાદિ ગુણોથી યુક્ત સિદ્ધસમૂહને હું નમસ્કાર કરું છું.

**વિઘ્નૌઘાઃ પ્રલયં યાન્તિ શાકિનીભૂતપન્નગાઃ,**
**વિષં નિર્વિષતાં યાતિ સ્તૂયમાને જિનેશ્વરે.**

અર્થ :—ભગવાન જિનેન્દ્રની સ્તુતિ કરવાથી વિઘ્નોનો નાશ થાય છે, શાકિની, ભૂત અને સર્પોનો ભય રહેતો નથી અને વિષ (ઝેર) નિર્વિષ થઈ જાય છે.

(પુષ્પાંજલિ ચઢાવવી.)

**ઉદકચંદનતંદુલપુષ્પકૈશ્ચરુસુદીપસુધૂપફલાર્ઘકૈઃ;**
**ધવલમંગલગાનરવાકુલે જિનગૃહે જિનનાથમહં યજે.**

ૐ હ્રીં શ્રી ભગવજ્જિનસહસ્રનામેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(વસંતતિલકા)

**શ્રીમજ્જિનેન્દ્રમભિવંદ્ય જગત્ત્રયેશં,**
**સ્યાદ્વાદનાયકમનન્તચતુષ્ટયાર્હમ્;**
**શ્રીમૂલસંઘસુદશાં સુકૃતૈકહેતુઃ,**
**જૈનેન્દ્રયજ્ઞવિધિરેષ મયાઽભ્યધાયિ.**

અર્થ:—હું ત્રણલોકના સ્વામી, સ્યાદ્વાદ વિદ્યાના નાયક, અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્યના ધારક જિનેન્દ્રદેવને નમસ્કાર કરીને જિનેન્દ્રદેવની પૂજાની વિધિ કહું છું, કે જે પૂજન મૂલસંઘના સમ્યક્દષ્ટિ પુરુષો માટે પુણ્યબંધનું મુખ્ય કારણ છે.

(સર્વજ્ઞ વીતરાગ ભગવાનનો તો જય થઈ ચૂક્યો છે, પણ સાધક જીવ પૂર્ણ વીતરાગસ્વરૂપને યાદ કરી રુચિ દ્વારા બહુમાન કરે છે અને તેમની પાસેથી આશીર્વાદની ભક્તિ-ભાવના કરે છે.)

**સ્વસ્તિ ત્રિલોકગુરવે જિનપુંગવાય,**
**સ્વસ્તિ સ્વભાવમહિમોદયસુસ્થિતાય;**

**સ્વસ્તિ પ્રકાશસહજોર્જિતદ્દઙ્મયાય,**
**સ્વસ્તિ પ્રસન્નલલિતાદ્દ્ભુતવૈભવાય.**

**અર્થ :**—ત્રણલોકના ગુરુ તથા જિનપ્રધાન (કષાયોને જીતવાવાળા મુનીશ્વરોના સ્વામી), સ્વભાવના મહિમાનો ઉદય થવાથી ભલા પ્રકારથી સ્થિત રહેલા, કેવલદર્શન–જ્ઞાનપ્રકાશથી યુક્ત તેમ જ આનંદદાયક, સુંદર અને અદ્દ્ભુત (સમવસરણાદિ) વૈભવવાળા જિનેન્દ્ર ભગવાન કલ્યાણરૂપ થાઓ. (–અમારું કલ્યાણ કરો.)

**સ્વસ્ત્યુચ્છલદ્વિમલબોધસુધાપ્લવાય,**
**સ્વસ્તિ સ્વભાવપરભાવવિભાસકાય;**
**સ્વસ્તિ ત્રિલોકવિતતૈકચિદુદ્દ્ગમાય,**
**સ્વસ્તિ ત્રિકાલસકલાયતવિસ્તૃતાય.**

**અર્થ :**—ઊછળતા અને નિર્મલ કેવળજ્ઞાનરૂપી અમૃતમાં ડૂબકી મારવાવાળા, સ્વભાવ અને પરભાવના પ્રકાશક, ત્રણલોકમાં વ્યાપ્ત એકમાત્ર જ્ઞાનને પ્રગટ કરવાવાળા અને ત્રણકાળવર્તી સર્વ પદાર્થોમાં જ્ઞાન દ્વારા વ્યાપ્ત જિનેન્દ્ર ભગવાન કલ્યાણરૂપ થાઓ.

**દ્રવ્યસ્ય શુદ્ધિમધિગમ્ય યથાનુરૂપં,**
**ભાવસ્ય શુદ્ધિમધિકામધિગન્તુકામઃ;**
**આલંબનાનિ વિવિધાન્યવલમ્બ્ય વલ્ગન્,**
**ભૂતાર્થયજ્ઞપુરુષસ્ય કરોમિ યજ્ઞમ્.**

**અર્થ :**—મારા ભાવોની પરમશુદ્ધતા પામવાનો અભિલાષી એવો હું દેશ અને કાળને અનુરૂપ જલ, ચંદનાદિ દ્રવ્યોની શુદ્ધતા પ્રાપ્ત કરીને જિનસ્તવન, જિનબિમ્બદર્શન આદિ અનેક અવલમ્બનોનો આશ્રય લઈને ભૂતાર્થને જાણનારા પૂજ્ય અરહંતાદિનું પૂજન કરું છું.

**અર્હત્પુરાણપુરુષોત્તમપાવનાનિ,**
**વસ્તૂન્યનૂનમખિલાન્યયમેક એવ;**

અસ્મિન્ જ્વલદ્વિમલકેવલબોધવહ્નૌ,
પુણ્યં સમગ્રમહમેકમના જુહોમિ.

અર્થ :—હે અરહંત દેવ! હે પુરાણપુરુષ! હે પુરુષોત્તમ! નિર્બળ એવો હું બધાં જ જલાદિ પવિત્ર (અષ્ટ) દ્રવ્યોનું આલમ્બન લઈને મારાં સમસ્ત પુણ્યને, આ દેદીપ્યમાન નિર્મલ કેવલજ્ઞાનરૂપી અગ્નિમાં એકાગ્રચિત્તે હવન કરું છું.

(પુષ્પાંજલિ ચઢાવવી.)

શ્રીવૃષભો નઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅજિતઃ;
શ્રીસંભવઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅભિનંદનઃ.
શ્રીસુમતિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીપદ્મપ્રભઃ;
શ્રીસુપાર્શ્વઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીચન્દ્રપ્રભઃ.
શ્રીપુષ્પદન્તઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીશીતલઃ;
શ્રીશ્રેયાન્ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીવાસુપૂજ્યઃ.
શ્રીવિમલઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅનન્તઃ;
શ્રીધર્મઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીશાન્તિઃ.
શ્રીકુંથુઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીઅરનાથઃ;
શ્રીમલ્લિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીમુનિસુવ્રતઃ.
શ્રીનમિઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીનેમિનાથઃ;
શ્રીપાર્શ્વઃ સ્વસ્તિ, સ્વસ્તિ શ્રીવર્ધમાનઃ.

અર્થ :—શ્રી ૠષભાદિ ચોવીસ તીર્થંકર આપણા સર્વે માટે મંગલસ્વરૂપ હો.

(પુષ્પાંજલિ ચઢાવવી.)

(ઉપજાતિ)

નિત્યાપ્રકમ્પાદ્ભુતકેવલૌઘાઃ સ્ફુરન્મનઃપર્યયશુદ્ધબોધાઃ,
દિવ્યાવધિજ્ઞાનબલપ્રબોધાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.

અર્થ :—(૧) અવિનાશી, અચલ અને અદ્ભુત કેવળજ્ઞાનના ધારક, (૨) દેદીપ્યમાન મનઃપર્યયજ્ઞાનરૂપ શુદ્ધ જ્ઞાનવાળા તથા (૩) દિવ્ય અવધિજ્ઞાનના

બળથી પ્રબુદ્ધ (બુદ્ધિ ઋદ્ધિના ધારક) મહાઋષિ અમારું કલ્યાણ કરો.

(અહીં તથા આગળના પ્રત્યેક શ્લોકના અંતે પુષ્પાંજલિ ચઢાવવી.)

**કોષ્ઠસ્થધાન્યોપમમેકબીજં, સંભિન્નસંશ્રોતૃપદાનુસારિ,**
**ચતુર્વિધં બુદ્ધિબલં દધાનાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

અર્થ :—(૧) કોષ્ઠસ્થ ધાન્યોપમ (કોઠીમાં રહેલા ધાન્યની ઉપમા લાયક), (૨) એકબીજ, (૩) સંભિન્નશ્રોતૃત્વ અને (૪) પદાનુસારિત્વ–એ ચાર પ્રકારની બુદ્ધિ ઋદ્ધિને ધારણ કરવાવાળા ઋષિરાજ અમારું કલ્યાણ કરો.

**સંસ્પર્શનં સંશ્રવણં ચ દૂરાદાસ્વાદનઘ્રાણવિલોકનાનિ,**
**દિવ્યાન્મતિજ્ઞાનબલાદ્ વહંતઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

અર્થ :—દિવ્ય મતિજ્ઞાનના બળથી દૂરથી જ (૧) સ્પર્શન, (૨) શ્રવણ, (૩) આસ્વાદન, (૪) ઘ્રાણ અને (૫) અવલોકનરૂપ પાંચ ઇંદ્રિયોના વિષયોને ધારણ કરવાવાળા (બુદ્ધિ ઋદ્ધિના ધારક) ઋષિરાજ અમારું કલ્યાણ કરો.

**પ્રજ્ઞાપ્રધાનાઃ શ્રમણાઃ સમૃદ્ધાઃ પ્રત્યેકબુદ્ધા દશસર્વપૂર્વૈઃ,**
**પ્રવાદિનોઽષ્ટાંગનિમિત્તવિજ્ઞાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

અર્થ :—(૧) પ્રજ્ઞાશ્રમણ, (૨) પ્રત્યેકબુદ્ધ, (૩) દશપૂર્વી, (૪) ચતુર્દશપૂર્વી, (૫) પ્રકૃષ્ટવાદી અને (૬) અષ્ટાંગ નિમિત્તના જ્ઞાતા (એ બુદ્ધિ ઋદ્ધિના ધારક) મુનિવર અમારું કલ્યાણ કરો. (૩+૪+૫+૬ મળીને કુલ ૧૮ બુદ્ધિ ઋદ્ધિ)

**જંઘાવલિશ્રેણિફલામ્બુતન્તુપ્રસૂનબીજાંકુર ચારણાહ્વાઃ,**
**નભોંગણસ્વૈરવિહારિણશ્ચ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

અર્થ :—(૧) જંઘા, (૨) અગ્નિશિખા, (૩) શ્રેણી, (૪) ફલ, (૫) જલ, (૬) તન્તુ, (૭) પુષ્પ અને (૮) બીજાંકુર ઉપર ચાલવાવાળા તથા (૯) આકાશમાં સ્વચ્છન્દ વિહાર કરવાવાળા ચારણ ઋદ્ધિના ધારક મુનિવર અમારું કલ્યાણ કરો. (કુલ ૯ ચારણ ઋદ્ધિ)

**અણિમ્નિદક્ષાઃ કુશલા મહિમ્નિ લઘિમ્નિ શક્તાઃ કૃતિનો ગરિમ્નિ,**
**મનોવપુર્વાગ્બલિનશ્ચ નિત્યં સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

**અર્થ** :—(૧) અણિમા, (૨) મહિમા, (૩) લઘિમા, (૪) ગરિમા [વિક્રિયા] ઋદ્ધિમાં કુશલ તથા (૧) મન, (૨) વચન અને (૩) કાયબળ ઋદ્ધિના ધારક યોગીશ્વર અમારું કલ્યાણ કરો. (કુલ ૩ બળ ઋદ્ધિ)

**સકામરૂપિત્વવશિત્વમૈશ્યં પ્રાકામ્યમન્તર્દ્ધિમથાપ્તિમાપ્તાઃ,**
**તથાઽપ્રતીઘાતગુણપ્રધાનાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

**અર્થ** :—(૫) કામરૂપિત્વ, (૬) વશિત્વ, (૭) ઇશત્વ, (૮) પ્રાકામ્ય, (૯) અન્તર્ધ્યાન, (૧૦) પ્રાપ્તિ તથા (૧૧) અપ્રતિઘાત ઋદ્ધિથી સંપન્ન ઋષિપુંગવ અમારું કલ્યાણ કરો. (કુલ ૧૧ વિક્રિયા ઋદ્ધિ)

**દીપ્તં ચ તપ્તં ચ તથા મહોગ્રં ઘોરં તપો ઘોરપરાક્રમસ્થાઃ,**
**બ્રહ્માપરં ઘોરગુણાશ્ચરન્તઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

**અર્થ** :—(૧) દીપ્ત, (૨) તપ્ત, (૩) મહા, (૪) ઉગ્ર, (૫) ઘોર તપ અને (૬) ઘોર પરાક્રમમાં સ્થિત તથા (૭) ઘોર બ્રહ્મચર્ય ઋદ્ધિના ધારી મુનિરાજ અમારું કલ્યાણ કરો. (કુલ ૭ તપોતિશય ઋદ્ધિ)

**આમર્ષસર્વૌષધયસ્તથાશીર્વિષંવિષા દષ્ટિવિષંવિષાશ્ચ,**
**સખિલ્લવિડ્જલ્લમલૌષધીશાઃ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

**અર્થ** :—(૧) આમર્ષૌષધિ, (૨) સર્વૌષધિ, (૩) આશીર્વિષૌષધિ, (i) આશીર્વિષરસ, (૪) દષ્ટિવિષૌષધિ, (ii) દષ્ટિવિષરસ, (૫) ખેલૌષધિ, (૬) વિડૌષધિ, (૭) જલૌષધિ અને (૮) મલૌષધિ ઋદ્ધિના ધારક પરમઋષિ અમારું કલ્યાણ કરો. (કુલ ૮ ઔષધિ ઋદ્ધિ)

**ક્ષીરં સ્રવંતોઽત્ર ઘૃતં સ્રવંતો મધુ સ્રવંતોઽપ્યમૃતં સ્રવંતઃ,**
**અક્ષીણસંવાસમહાનસાશ્ચ સ્વસ્તિ ક્રિયાસુઃ પરમર્ષયો નઃ.**

**અર્થ** :—(iii) ક્ષીરસ્રાવીરસ, (iv) ઘૃતસ્રાવીરસ, (v) મધુસ્રાવીરસ, (vi) અમૃતસ્રાવીરસ તેમ જ (૧) અક્ષીણ સંવાસ તથા (૨) અક્ષીણ મહાનસ ઋદ્ધિધારી મુનિવર અમારું કલ્યાણ કરો. (૬ રસ ઋદ્ધિ અને ૨ અક્ષીણ ઋદ્ધિ. કુલ મળીને બધી ૬૪ ઋદ્ધિ)

(ઇતિ સ્વસ્તિમંગલવિધાનમ્.)

# 卐 શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુ પૂજા 卐

(અડિલ્લ છન્દ)

પ્રથમ દેવ અરહંત સુશ્રુતસિદ્ધાંત જૂ,
ગુરુનિરગ્રંથ મહંત મુક્તિપુરપન્થ જૂ;
તીન રતન જગમાંહિ સો યે ભવિ ધ્યાઈયે,
તિનકી ભક્તિ-પ્રસાદ પરમપદ પાઈયે.

**અર્થ :**—અરહંત દેવ, સિદ્ધાંત શાસ્ત્ર અને પરિગ્રહ રહિત ગુરુ પૂજનીય છે અને તે જ મોક્ષનો માર્ગ છે. વિશ્વમાં જે કોઈ ભવ્ય પુરુષ આ ત્રણ રત્નનું ધ્યાન કરે છે તે દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિના પ્રસાદથી પરમપદ પામે છે.

પૂજોં પદ અરહંતકે, પૂજોં ગુરુપદ સાર;
પૂજોં દેવી સરસ્વતી, નિતપ્રતિ અષ્ટપ્રકાર.

**અર્થ :**—તે માટે હે ભગવાન! હું દરરોજ દેવ, શાસ્ત્ર અને ગુરુનું આઠ દ્રવ્યોથી પૂજન કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અત્ર અવતર અવતર સંવૌષટ્ (આહ્વાનનમ્)

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ (સ્થાપનમ્)

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ (સન્નિધિકરણમ્)

શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અહીં પધારો! પધારો!! (આ આહ્વાનન છે.)

શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અહીં બિરાજો! બિરાજો!! (આ સ્થાપના છે.)

શ્રી દેવશાસ્ત્રગુરુસમૂહ! અહીં મારી પાસે બિરાજો! બિરાજો!! (આ સન્નિધિકરણ છે.)

(ગીતા છન્દ)

સુરપતિ ઉરગ નરનાથ તિનકરી, વન્દનીક સુપદપ્રભા;
અતિ શોભનીક સુવરણ ઉજ્જ્વલ, દેખ છવિ મોહિત સભા.
વર નીર ક્ષીરસમુદ્ર ઘટ ભરિ, અગ્ર તસુ બહુવિધિ નચૂં;
અરહન્ત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.

**અર્થ** :—હે ભગવાન! ઇન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તી આપનાં ચરણમાં મસ્તક નમાવે છે તેથી આપનાં ચરણો નિર્મળ અને સુવર્ણ સમાન અતિ શોભાયમાન બને છે. તેની કાન્તિ જોઈને સમવસરણની સભાઓ પણ મોહિત થઈ જાય છે. ક્ષીરસમુદ્રના પવિત્ર જલના ઘડા ભરીને આપની આગળ અનેક પ્રકારે નાચું છું અને જલ ચઢાવું છું. એ પ્રમાણે દેવ–શાસ્ત્ર–ગુરુની દરરોજ પૂજા કરું છું.

**મલિન વસ્તુ હર લેત સબ, જલસ્વભાવ મલછીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—જલ પદાર્થોની બધી મલિનતાને ધોઈ નાખે છે, કેમ કે મેલને દૂર કરવો તે જલનો સ્વભાવ છે. તે માટે હે ભગવાન! પૂજનીય દેવ-શાસ્ત્ર-ગુરુની—એ ત્રણેની—નિર્મલ જલથી હું પૂજા કરું છું, કે જેથી મારા આત્માનો મેલ દૂર થાય.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યઃ જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાંહા.

**જે ત્રિજગ-ઉદર મંઝાર પ્રાણી, તપત અતિ દુદ્ધર ખરે;**
**તિન અહિતહરન સુવચન જિનકે, પરમ શીતલતા ભરે.**
**તસુ ભમરલોભિત ઘ્રાણ પાવન, સરસ ચંદન ઘસિ સચૂં;**
**અરહંત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે ભગવાન! (જેમ એક મોટા ખાડામાં આગ લાગી હોય અને તેમાં રહેલા જીવો અથવા આવી પડેલા જીવો દુઃખી થાય છે તેમ) ત્રણે લોકની મધ્યમાં રહેલાં જીવો સંસારનાં દુઃખોથી ઘણા જ દુઃખી છે. આવા સંસારીઓનાં દુઃખ ટાળવા માટે હે જિનેન્દ્રદેવ! આપનો સત્ ઉપદેશ પરમ શીતળતા આપે છે. તેથી જેનાથી ભ્રમર લોભાય એવું સુગંધિત ચંદન ઘસીને આપની પૂજા કરું છું, કે જેથી મારો સંસારતાપ નાશ પામે. આ રીતે દેવ–શાસ્ત્ર–ગુરુની દરરોજ પૂજા કરું છું.

**ચંદન શીતલતા કરૈ, તપત વસ્તુ પરવીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—તપ્ત વસ્તુને શીતલ કરવા માટે ચંદન સમર્થ છે. તે ચંદનથી

પૂજનીય દેવ-શાસ્ત્ર-ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યઃ સંસારતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા.

**યહ ભવસમુદ્ર અપાર તારણ, કે નિમિત્ત સુવિધિ ઠઈ;**
**અતિ દઢ પરમપાવન જથારથ, ભક્તિ વર નૌકા સહી.**
**ઉજ્જવલ અખંડિત સાલિ તંદુલ, પુંજ ધરિ ત્રયગુણ જચૂં;**
**અરહંત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આ સંસારરૂપી સમુદ્ર અપાર છે, તેને પાર કરવા આપની પરમ પવિત્ર ભક્તિરૂપી મજબૂત નૌકા જ સમર્થ છે. તે માટે અખંડ અને સ્વચ્છ અક્ષતનો પૂંજ ચડાવીને સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ ત્રણ ગુણોની યાચના કરું છું. આ રીતે દેવ-શાસ્ત્ર-ગુરુની દરરોજ પૂજા કરું છું.

**તંદુલ સાલિ સુગન્ધ અતિ, પરમ અખંડિત બીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—શાલિધાનના અતિ સુગન્ધિત અને અખંડ એવાં અક્ષત દ્વારા પૂજનીય દેવ-શાસ્ત્ર-ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા.

**જે વિનયવન્ત સુભવ્યઉરઅમ્બુજ પ્રકાશન ભાન હૈં;**
**જે એક મુખ ચારિત્ર ભાષત, ત્રિજગમાંહિ પ્રધાન હૈં.**
**લહિ કુન્દકમલાદિક પહુપ, ભવ-ભવ કુવેદનસોં બચૂં;**
**અરહન્ત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આપ વિનયવાન ભવ્યજીવોના હૃદયરૂપી કમલોને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છો. (ભવ્યોના અજ્ઞાન-અંધકારને દૂર કરો છો.) આપ મુખ્યપણે ચારિત્રનો ઉપદેશ આપો છો. હે દેવ! આપ ત્રણલોકમાં પ્રધાન છો. હું કુન્દકમલ વગેરે ફૂલો લઈને અનેક જન્મનાં કામવિકારનાં દુઃખોથી બચવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુની દરરોજ પૂજા કરું છું.

**વિવિધ ભાંતિ પરિમલ સુમન, ભ્રમર જાસ આધીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—જેને ભ્રમર પણ વશ થાય છે એવા અનેક પ્રકારનાં સુગંધિત ફૂલોથી પૂજનીય દેવ–શાસ્ત્ર–ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યઃ કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા.

**અતિ સબલ મદકન્દર્પ જાકો, ક્ષુધા ઉરગ અમાન હૈં;**
**દુસ્સહ ભયાનક તાસુ નાશન, કો સુગરૂડ સમાન હૈં.**
**ઉત્તમ છહોં રસયુક્ત નિત, નૈવેદ્ય કરિ ઘૃતમેં પચૂં;**
**અરહન્ત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રન્થ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—જે અત્યંત બલવાન મદના વેગને ધારણ કરનાર છે, જે સહન થઈ શકતું નથી અને જે ભયંકર છે એવા ક્ષુધારૂપી સર્પના વિષને નાશ કરવા માટે હે ભગવાન! આપ ગરૂડ સમાન છો. તેથી ઘીમાં બનાવેલી છ રસવાળી ઉત્તમ મિઠાઈઓ–પકવાનોથી, ક્ષુધારોગનો નાશ કરવા, દેવ–શાસ્ત્ર–ગુરુની દરરોજ પૂજા કરું છું.

**નાનાવિધિ સંયુક્તરસ, વ્યંજન સરસ નવીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—અનેક પ્રકારના રસથી ભરપૂર સરસ અને તાજાં પકવાનોથી પૂજનીય દેવ–શાસ્ત્ર–ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યઃ ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા.

**જે ત્રિજગ ઉદ્યમ નાશ કીને, મોહ–તિમિર મહાબલી;**
**તિહિ કર્મઘાતી જ્ઞાનદીપ–પ્રકાશજ્યોતિ પ્રભાવલી.**
**ઇહ ભાંતિ દીપ પ્રજાલ કંચન, કે સુભાજનમેં ખચૂં;**
**અરહન્ત શ્રુતસિદ્ધાન્ત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે ભગવાન! ત્રણે લોકના પ્રાણીઓના પુરુષાર્થનો નાશ કરનાર મોહાંધકાર બહુ બળવાન છે. તે મોહનીય કર્મનો નાશ કરવા માટે આપના

જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ જ સમર્થ છે. માટે દીપક પ્રગટાવીને સુવર્ણપાત્રમાં સજાવું છું અને તે વડે દેવ–શાસ્ત્ર–ગુરુની દરરોજ પૂજા કરું છું, કે જેથી મારો મોહ દૂર થઈ જાય.

**સ્વપરપ્રકાશક જ્યોતિ અતિ, દીપક તમકરિ હીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—દીપક સ્વ-પરપ્રકાશક જ્યોતિસ્વરૂપ હોવાથી અંધકારથી રહિત છે. તે દીપક વડે પૂજનીય દેવ–શાસ્ત્ર–ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ॐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યઃ મોહાન્ધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા.

**જો કર્મ-ઇંધન દહન અગ્નિસમૂહ સમ ઉધ્ધત લસૈ;**
**વર ધૂપ તાસુ સુગન્ધિતાકરિ, સકલ પરિમલતા હંસૈ.**
**ઇહ ભાંતિ ધૂપ ચઢાય નિત, ભવજ્વલનમાંહિ નહીં પચૂં;**
**અરહન્ત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે ભગવાન! કર્મરૂપી ઇન્ધનને બાળવા આપ અગ્નિ સમાન પ્રકાશિત છો. ધ્યાનરૂપી ઉત્તમ ધૂપની સુગંધથી બીજી બધી સુગંધ ઝાંખી પડી જાય છે. હે દેવ! હું દરરોજ ધૂપ ચઢાવું છું, કે જેથી સંસારરૂપી અગ્નિમાં પડું નહીં. એ પ્રમાણે દેવ–શાસ્ત્ર–ગુરુની દરરોજ પૂજા કરું છું.

**અગ્નિમાંહિ પરિમલ દહન, ચંદનાદિ ગુણ લીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—ચંદનાદિ સુગંધિત દ્રવ્યોના ગુણોથી સહિત ધૂપને અગ્નિમાં જલાવીને તે વડે પૂજનીય દેવ–શાસ્ત્ર–ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ॐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યઃ અષ્ટકર્મવિધ્વંસનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા.

**લોચન સુરસના ઘ્રાણ ઉર, ઉત્સાહ કે કરતાર હૈં;**
**મોપૈ ન ઉપમા જાય વરણી, સકલ ફલગુણસાર હૈં.**
**સો ફલ ચઢાવત અર્થપૂરણ, પરમ અમૃતરસ સચૂં;**
**અરહન્ત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રંથ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે ભગવાન! નેત્ર, જિહ્વા, નાસિકા અને મનને પ્રસન્ન કરનાર આ ફળ છે. તેમાં ઉત્તમ ફળોના બધા ગુણો છે. મારાથી તે ગુણોની તુલના થઈ શકતી નથી. હે ભગવાન! મારું મોક્ષરૂપી પ્રયોજન પૂર્ણ કરવા માટે અને મને પરમ અમૃતરસરૂપી અનન્ત અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થાય તે માટે ફળ ચઢાવું છું. એ રીતે દેવ-શાસ્ત્ર-ગુરુની દરરોજ પૂજા કરું છું.

**જે પ્રધાન ફલ ફલ વિષૈં, પંચ કરણ રસ લીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—પાંચ ઇન્દ્રિયોને પ્રસન્ન કરવાવાળાં ઉત્તમ ફળોથી પૂજનીય દેવ-શાસ્ત્ર-ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા.

**જલ પરમ ઉજ્જ્વલ ગંધ અક્ષત, પુષ્પ ચરુ દીપક ધરૂં;**
**વર ધૂપ નિર્મલ ફલ વિવિધ બહુ, જનમકે પાતક હરૂં.**
**ઇહ ભાંતિ અર્ઘ ચઢાય નિત ભવિ, કરત શિવ-પંકતિ મચૂં;**
**અરહન્ત શ્રુતસિદ્ધાંત ગુરુનિરગ્રન્થ નિત પૂજા રચૂં.**

**અર્થ** :—હે પરમાત્મા! સ્વચ્છ જલ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ અને અનેક પ્રકારનાં ઉત્તમ ફલ—આ પ્રમાણે નિત્ય અર્ઘ ચઢાવીને હું—ભવ્યજીવ—અનેક જન્મોનાં કર્મોને દૂર કરું અને મોક્ષ પ્રાપ્ત કરું. એ રીતે દેવ-શાસ્ત્ર-ગુરુની દરરોજ પૂજા કરું છું.

**વસુવિધિ અર્ઘ સંજોયકે, અતિ ઉછાહ મન કીન;**
**જાસોં પૂજોં પરમપદ, દેવ શાસ્ત્ર ગુરુ તીન.**

**અર્થ** :—જલ આદિ આઠ પ્રકારના દ્રવ્ય ભેગા કરી અર્ઘ બનાવીને અને તે વડે હૃદય અતિ પ્રસન્ન કરીને પૂજનીય દેવ-શાસ્ત્ર-ગુરુની—એ ત્રણેની—હું પૂજા કરું છું.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો અનર્ઘપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## જયમાલા

(દોહા)

**દેવ શાસ્ત્ર ગુરુ રતન શુભ, તીન રતન કરતાર;**
**ભિન્ન ભિન્ન કહું આરતી, અલ્પ સુગુણવિસ્તાર.**

**અર્થ :—**દેવ-શાસ્ત્ર-ગુરુ—એ ત્રણે રત્ન આદર કરવાયોગ્ય છે. તેઓ આત્માનું કલ્યાણ કરનાર એવાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ ત્રણ રત્ન ઉત્પન્ન કરનાર છે. તેથી સંક્ષેપમાં તેમના ગુણોનું જુદું જુદું વર્ણન કરું છું. કથનમાં શબ્દો થોડા છે, પરંતુ તેમનામાં અનેક ગુણો ભરેલા છે.

(પદ્ધરી છંદ)

**ચઉ કર્મસુ ત્રેસઠ પ્રકૃતિ નાશિ, જીતે અષ્ટાદશ દોષરાશિ;**
**જે પરમ સુગુણ હૈં અનંત ધીર, કહવત કે છયાલિસ ગુણ ગંભીર.**

**અર્થ :—**હે દેવ! ચાર ઘાતિકર્મની ૪૭ અને અઘાતિકર્મની ૧૬ પ્રકૃતિઓ મળીને ૬૩ પ્રકૃતિઓનો નાશ કરીને આપે જન્મ, જરા આદિ ૧૮ દોષો જીતી લીધા છે. કહેવા પૂરતા આપના ૪૬ ગુણ છે, પરંતુ આપનામાં તો અનંત ઉત્કૃષ્ટ ગુણ વિદ્યમાન છે.

**શુભ સમવસરણ શોભા અપાર, શત ઇન્દ્ર નમત કર સીસ ધાર;**
**દેવાધિદેવ અરહન્ત દેવ, વન્દૌં મન વચ તન કરિ સુસેવ.**

**અર્થ :—**આપનું સુંદર સમવસરણ ઘણું જ શોભાયમાન છે. આપને ૧૦૦ ઇન્દ્રો મસ્તક નમાવીને નમસ્કાર કરે છે. હે દેવાધિદેવ અરહન્તદેવ! આપને મન, વચન અને કાયાથી સેવીને નમસ્કાર કરું છું.

**જિનકી ધુનિ હૈ ઓંકારરૂપ, નિરઅક્ષરમય મહિમા અનૂપ;**
**દશ-અષ્ટ મહાભાષા સમેત, લઘુ ભાષા સાત શતક સુચેત.**

**અર્થ :—**અરહન્ત ભગવાનની દિવ્યધ્વનિ 'ૐ'કાર સ્વરૂપ છે. તેમાં અક્ષર નથી હોતાં, છતાં તેની મહિમા અનુપમ છે. દિવ્યધ્વનિમાં અઢાર મહાભાષાઓ અને સાતસો લઘુભાષાઓ ગર્ભિત છે અર્થાત્ દિવ્યધ્વનિનું પરિણમન તે ભાષાઓમાં થાય છે.

**સો સ્યાદ્વવાદમય સપ્તભંગ, ગણધર ગૂંથે બારહ સુઅંગ;**
**રવિ શશિ ન હરૈ સો તમ હરાય, સો શાસ્ત્ર નમોં બહુ પ્રીતિ લ્યાય.**

**અર્થ :**—હે ભગવાન! આપની ૐકારરૂપ દિવ્યધ્વનિ સ્યાદ્વાદ સ્વરૂપ છે અને અસ્તિ-નાસ્તિ આદિ સાત ભંગવાળી છે. તેને ગણધરોએ આચારાંગ આદિ ૧૨ અંગમાં રચી છે. જે અજ્ઞાન-અંધકાર સૂર્ય અને ચંદ્ર દૂર કરી શકતા નથી તેને શાસ્ત્ર દૂર કરે છે, તેથી શાસ્ત્રને બહુ જ પ્રીતિપૂર્વક નમસ્કાર કરું છું.

**ગુરુ આચારજ ઉવઝાય સાધ, તન નગન રતનત્રયનિધિ અગાધ;**
**સંસાર દેહ વૈરાગ ધાર, નિરવાંછિ તપૈ શિવપદ નિહાર.**

**અર્થ :**—આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—એ ત્રણ ગુરુ છે. તેમનું શરીર નગ્ન (વસ્ત્રાદિ રહિત) હોય છે, પરંતુ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રરૂપ રત્નોની નિધિ અમાપ હોય છે અર્થાત્ સમ્યગ્દર્શનાદિ ધારણ કરે છે. સંસાર અને શરીરથી વૈરાગ્ય ધારણ કરીને, સંસારના વિષય-ભોગોની ઇચ્છા છોડીને માત્ર મોક્ષનું લક્ષ્ય રાખીને તપસ્યા કરે છે.

**ગુણ છત્તિસ પચ્ચિસ આઠવીસ, ભવ-તારન-તરન જિહાજ ઈસ;**
**ગુરુકી મહિમા વરણી ન જાય, ગુરુ નામ જપોં મન વચન કાય.**

**અર્થ :**—આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૮ મૂલગુણ હોય છે. હે ગુરુદેવ! આપ સંસારસાગરને તરવા અને તારવા માટે જહાજ સમાન છો. ગુરુની મહિમાનું વર્ણન થઈ શકતું નથી. તેથી મન, વચન અને કાયાથી સદા ગુરુનું નામ જપું છું—તેમનું ધ્યાન કરું છું.

(સોરઠા)

**કીજે શક્તિ પ્રમાન, શક્તિ બિના સરધા ધરૈ;**
**'દ્યાનત' સરધાવાન, અજર અમર પદ ભોગવૈ.**

**અર્થ :**—પોતાની શક્તિ અનુસાર દેવ, શાસ્ત્ર અને ગુરુનાં પૂજા, ભક્તિ, ધ્યાન અને જાપ કરવાં જોઈએ. જો શક્તિ ન હોય તો શ્રદ્ધા રાખવી. તે શ્રદ્ધાવાન પણ જરા અને મરણ આદિ દોષરહિત મોક્ષપદની પ્રાપ્તિ કરે છે.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

## 卐 દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા 卐

કેવલરવિ-કિરણોંસે જિસકા, સંપૂર્ણ પ્રકાશિત હૈ અંતર,
ઉસ શ્રી જિનવાણીમેં હોતા, તત્ત્વોંકા સુંદરતમ દર્શન;
સદ્દર્શન-બોધ-ચરણ પથ પર, અવિરલ જો બઢતે હૈં મુનિગણ,
ઉન દેવ પરમ આગમ ગુરુકો, શત-શત વંદન, શત-શત વંદન.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુ સમૂહ! અત્ર અવતર અવતર સંવોષટ્ (આહ્વાનનં)
ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુ સમૂહ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ (સ્થાપનમ્)
ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુ સમૂહ! અત્ર મમ સન્નિહિતો ભવભવ વષટ્ (સન્નિધિકરણં)

ઇન્દ્રિયકે ભોગ મધુર વિષ સમ, લાવણ્યમયી કંચન કાયા,
યહ સબ કુછ જડકી ક્રીડા હૈ, મૈં અબતક જાન નહીં પાયા;
મૈં ભૂલ સ્વયં નિજ વૈભવકો, પર મમતામેં અટકાયા હૂં,
અબ નિર્મલ સમ્યક્-નીર લિયે, મિથ્યામલ ધોને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો મિથ્યાત્વમલવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

જડ–ચેતનકી સબ પરિણતિ પ્રભુ! અપને અપનેમેં હોતી હૈ,
અનુકૂલ કહેં, પ્રતિકૂલ કહેં, યહ ઝૂઠી મનકી વૃત્તિ હૈ;
પ્રતિકૂલ સંયોગોંમેં ક્રોધિત હોકર સંસાર બઢાયા હૈ,
સંતપ્ત હૃદય પ્રભુ! ચંદન સમ, શીતલતા પાને આયા હૈ.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો ક્રોધકષાયમલવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા.

ઉજ્જ્વલ હૂં કુંદધવલ હૂં પ્રભુ! પરસે ન લગા હૂં કિંચિત્ ભી,
ફિર ભી અનુકૂલ લગેં ઉન પર, કરતા અભિમાન નિરંતર હી;
જડ પર ઝુક ઝુક જાતા ચેતન, કી માર્દવકી ખંડિત કાયા,
નિજ શાશ્વત અક્ષતનિધિ પાને, અબ દાસ ચરણરજમેં આયા.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો માનકષાયમલવિનાશનાય અક્ષતં નિર્વપામીતિ સ્વાહા.

યહ પુષ્પ સુકોમલ કિતના હૈ, તનમેં માયા કુછ શેષ નહીં,
નિજ અન્તરકા પ્રભુ! ભેદ કહૂં, ઉસમેં ઋજુતાકા લેશ નહીં;
ચિંતન કુછ, ફિર સંભાષણ કુછ, કિરિયા કુછકી કુછ હોતી હૈ,
સ્થિરતા નિજમેં પ્રભુ પાઉં જો, અંતરકા કાલુષ ધોતી હૈ.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો માયાકષાયમલવિનાશનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા.

અબતક અગણિત જડ દ્રવ્યોંસે, પ્રભુ! ભૂખ ન મેરી શાંત હુઈ,
તૃષ્ણાકી ખાઈ ખૂબ ભરી, પર રિક્ત રહી વહ રિક્ત રહી;
યુગ-યુગસે ઇચ્છા સાગરમેં, પ્રભુ! ગોતે ખાતા આયા હૂં,
ચરણોંમેં વ્યંજન અર્પિત કર, અનુપમ રસ પીને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો લોભકષાયમલવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા.

મેરે ચૈતન્ય સદનમેં પ્રભુ! ચિર વ્યાપ્ત ભયંકર અંધિયારા,
શ્રુત-દીપ બુઝા હે કરુણાનિધિ! બીતી નહિં કષ્ટોંકી કારા;
અત એવ પ્રભો! યહ જ્ઞાન-પ્રતીક, સમર્પિત કરને આયા હૂં,
તેરી અંતર લૌસે નિજ અંતર-દીપ જલાને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો અજ્ઞાન-અંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા.

જડ કર્મ ઘુમાતા હૈ મુઝકો, યહ મિથ્યા ભ્રાંતિ રહી મેરી,
મૈં રાગી દ્વેષી હો લેતા, જબ પરિણતિ હોતી હૈ જડ કી;
યોં ભાવકરમ યા ભાવમરણ, સદિયોંસે કરતા આયા હૂં,
નિજ અનુપમ ગંધ અનલસે પ્રભુ, પર ગંધ જલાને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો વિભાવપરિણતિવિનાશનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા.

જગમેં જિસકો નિજ કહતા મૈં, વહ છોડ મુઝે ચલ દેતા હૈ,
મૈં આકુલ વ્યાકુલ હો લેતા, વ્યાકુલકા ફલ વ્યાકુલતા હૈ;

મૈં શાંત નિરાકુલ ચેતન હૂં, હૈ મુક્તિરમા સહચર મેરી,
યહ મોહ તડક કર ટૂટ પડે, પ્રભુ! સાર્થક ફલપૂજા તેરી.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા.

ક્ષણભર નિજ રસકો પી ચેતન, મિથ્યા મલકો ધો દેતા હૈ,
કાષાયિક ભાવ વિનષ્ટ કિયે, નિજ આનંદ અમૃત પીતા હૈ;
અનુપમ સુખ તબ વિલસિત હોતા, કેવલરવિ જગમગ કરતા હૈ,
દર્શન બલ પૂર્ણ પ્રગટ હોતા, યહ હી અર્હન્ત અવસ્થા હૈ;
યહ અર્ઘ સમર્પણ કરકે પ્રભુ! નિજ ગુણકા અર્ઘ બનાઊંગા,
ઔર નિશ્ચિત તેરે સદૃશ પ્રભુ! અર્હન્ત અવસ્થા પાઊંગા.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો અનર્ધ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## જયમાલા

ભવવનમેં જી ભર ઘૂમ ચુકા, કણ-કણકો જી ભર ભર દેખા;
મૃગસમ મૃગતૃષ્ણાકે પીછે, મુઝકો ન મિલી સુખકી રેખા.
ઝૂઠે જગકે સપને સારે, ઝૂઠી મનકી સબ આશાયેં;
તન-જીવન-યૌવન અસ્થિર હૈ, ક્ષણભંગુર પલમેં મુરઝાયે.
સમ્રાટ મહાબલ સેનાની, ઉસ ક્ષણકો ટાલ સકેગા ક્યા?
અશરણ મૃત કાયામેં હર્ષિત, નિજ જીવન ડાલ સકેગા ક્યા?
સંસાર મહાદુઃખ સાગરકે, પ્રભુ દુઃખમય સુખ-આભાસોંમેં;
મુઝકો ન મિલા સુખ ક્ષણભર ભી, કંચન-કામિનિ-પ્રાસાદોમેં.
મૈં એકાકી એકત્વ લિયે, એકત્વ લિયે સબ હી આતે;
તન-ધનકો સાથી સમઝા થા, પર યે ભી છોડ ચલે જાતે.
મેરે ન હુએ યે મૈં ઇનસે, અતિ ભિન્ન અખંડ નિરાલા હૂં;
નિજમેં પરસે અન્યત્વ લિયે, નિજ સમરસ પીનેવાલા હૂં.

જિસકે શૃંગારોંમેં મેરા, યહ મંહગા જીવન ઘુલ જાતા;
અત્યંત અશુચિ જડ કાયાસે, ઇસ ચેતનકા કૈસા નાતા?

દિન-રાત શુભાશુભ ભાવોંસે, મેરા વ્યાપાર ચલા કરતા;
માનસ વાણી ઔર કાયાસે, આસ્રવકા દ્વાર ખુલા રહતા.

શુભ ઔર અશુભકી જ્વાલાસે, ઝુલસા હૈ મેરા અંતસ્તલ;
શીતલ સમકિત કિરણેં ફૂટેં, સંવરસે જાગે અંતર્બલ.

ફિર તપકી શોધક વહ્નિ જગે, કર્મોંકી કડિયાં ટૂટ પડેં;
સર્વાંગ નિજાત્મ પ્રદેશોંસે, અમૃતકે નિર્ઝર ફૂટ પડેં.

હમ છોડ ચલે યહ લોક તભી, લોકાંત વિરાજે ક્ષણમેં જા;
નિજ લોક હમારા વાસા હો, શોકાંત બને ફિર હમકો ક્યા?

જાગે મમ દુર્લભ બોધિ પ્રભો! દુર્નયતમ સત્વર ટલ જાવે;
બસ જ્ઞાતા-દ્રષ્ટા રહ જાઊં, મદ-મત્સર-મોહ વિનશ જાવે.

ચિર રક્ષક ધર્મ હમારા હો, હો ધર્મ હમારા ચિર સાથી;
જગમેં ન હમારા કોઈ થા, હમ ભી ન રહેં જગકે સાથી.

ચરણોંમેં આયા હૂં પ્રભુવર! શીતલતા મુઝકો મિલ જાવે;
મુરઝાઈ જ્ઞાન લતા મેરી, નિજ અંતર્બલસે ખિલ જાવે.

સોચા કરતા હૂં ભોગોંસે, બુઝ જાવેગી ઇચ્છા-જ્વાલા;
પરિણામ નિકલતા હૈ લેકિન, માનોં પાવકમેં ઘી ડાલા.

તેરે ચરણોંકી પૂજાસે, ઇન્દ્રિય સુખકી હી અભિલાષા;
અબતક ન સમઝ હી પાયા પ્રભુ! સચ્ચે સુખકી ભી પરિભાષા.

તુમ તો અવિકારી હો પ્રભુવર! જગમેં રહતે જગસે ન્યારે;
અત એવ ઝુકે તવ ચરણોંમેં, જગકે માણિક મોતી સારે.

સ્યાદ્વાદમયી તેરી વાણી, શુભ નયકે ઝરને ઝરતે હૈં;
ઉસ પાવન નૌકા પર લાખોં પ્રાણી ભવવારિધિ તિરતે હૈં.

હે ગુરુવર ! શાશ્વત સુખ દર્શક, યહ નગ્ન સ્વરૂપ તુમ્હારા હૈ;
જગકી નશ્વરતાકા સચ્ચા, દિગ્દર્શન કરનેવાલા હૈ.

જબ જગ વિષયોંમેં રચ પચ કર, ગાફિલ નિદ્રામેં સોતા હો;
અથવા વહ શિવકે નિષ્કંટક પથમેં વિષકંટક બોતા હો.

હો અર્ધ નિશાકા સન્નાટા, વનમેં વનચારી ચરતે હોં;
તબ શાંત નિરાકુલ માનસ તુમ, તત્ત્વોંકા ચિંતન કરતે હો.

કરતે તપ શૈલ નદીતટ પર, તરુતલ વર્ષાકી ઝડિયોંમેં;
સમતારસ પાન કિયા કરતે, સુખ-દુ:ખ દોનોંકી ઘડિયોંમેં.

અન્તરજ્વાલા હરતી વાણી, માનોં ઝરતી હોં ફુલઝડિયાં;
ભવબંધન તડ તડ ટૂટ પડેં, ખિલ જાવેં અંતરકી કલિયાં.

તુમસા દાની ક્યા કોઈ હો, જગકો દે દીં જગકી નિધિયાં;
દિન-રાત લુટાયા કરતે હો, સમ શમકી અવિનશ્વર મણિયાં.

હે નિર્મલ દેવ ! તુમ્હેં પ્રણામ,
હે જ્ઞાનદીપ આગમ ! પ્રણામ;
હે શાંતિ-ત્યાગકે મૂર્તિમાન,
શિવ-પથ-પંથી ગુરુવર ! પ્રણામ.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વ- પામીતિ સ્વાહા.

# 卐 શ્રી શાંતિનાથ જિન પૂજા 卐

(અડિલ્લ છંદ)

શાંતિ જિનેશ્વર નમૂં તીર્થ વસુદુગુણ હી,
પંચમચક્રિ અનંગ દુવિધષટ સુગુણ હી;
તૃણવત્ ઋદ્ધિ સબ છાંડિ ધારિ તપ શિવ વરી,
આહ્વાનન વિધ કરું વાર ત્રય ઉચ્ચરી.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્ર! અત્ર અવતર અવતર સંવૌષટ્.
ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્ર! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ.
ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્ર! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્.

(છંદ નારાચ)

શૈલ હેમતૈં પતંત આપિકા સુવ્યોમહી,
રત્નભૃંગ ધાર નીર સીત અંગ સોમહી;
રોગ સોગ આધિ વ્યાધિ પૂજતે નશાય હૈ,
અનંત મુક્તિસૌખ્ય શાંતિનાથં સેય પાય હૈ.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેંદ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

ચંદનાદિ કુંકુમાદિ ગંધ સાર લ્યાવહી,
ભૃંગવૃંદ ગુંજતૈં સમીર સંગ ધ્યાવહી. રોગ સોગ૦ (ચંદનં)
ઈંદુ-કુંદ હારતૈં અપાર સ્વેતસાલ હી,
દુર્તિ ખંડકાર પુંજ ધારયે વિસાલ હી. રોગ સોગ૦ (અક્ષતં)
પંચવર્ણ પુષ્પસાર લ્યાઈયે મનોજ્ઞ હી,
સ્વર્ણથાલ ધારિયો મનોજ નાશ યોગ્ય હી. રોગ સોગ૦ (પુષ્પં)
ખંડ ઘૃતકારુ ચારુ સદ્ય મોદકાદિ હી,
સુષ્ટ મિષ્ટ હેમથાલ ધારિ ભવ્ય સ્વાદહી. રોગ સોગ૦ (નૈવેદ્યં)
દીપ જ્યોતિકો ઉદ્યોત ધૂમ હોત ના કદા,
રત્નથાલ ધારિ ભવ્ય મોહ ધ્વાંત હ્વૈ વિદા. રોગ સોગ૦ (દીપં)

અગર ચંદનાદિ દ્રવ્યસાર સર્વ ધારહી,
સ્વર્ણ–ધૂપદાનમેં હુતાસ સંગ જારહી. રોગ સોગ૦ (ધૂપં)
ઘોટકેન શ્રીફલેન હેમથાલમેં ભરૈં,
જિનેશકે ગુણૌઘ ગાય સર્વ એનકૂ હરૈં. રોગ સોગ૦ (ફલં)

(છપ્પય છંદ)

સરદ ઇંદુસમ અંબુતીર્થ ઉદ્દ્ભવ તૃષહારી,
ચંદન દાહ નિકંદ શાલિ તૈં દ્યુતિ હૈ ભારી;
સુરતરુ કે વર કુસુમ સદ્ય ચરુ પાવન ધારૈં,
દીપરતનમય જોતિ ધૂપતૈં મધુ ઝંકારૈં.
લહિ ફલ ઉત્તમ કરિ અર્ઘ શુભ 'રામચંદ્ર' કનથાલ ભરિ;
શ્રી શાંતિનાથકે ચરણયુગ વસુવિધિ અરચૈં ભાવ ધરિ.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેંદ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## પંચકલ્યાણક અર્ઘ

(દોહા)

સર્વારથ સિધિતૈં ચયે, ભાદવ સપ્તમિ શ્યામ;
ઐરાદે ઉર અવતરે, જજૂં ગર્ભ અભિરામ.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્રાય ભાદવવદીસપ્તમી ગર્ભકલ્યાણકમંડિતાય અર્ઘં૦

જેઠ ચતુરદશિ કૃષ્ણહી, જન્મે શ્રીભગવાન;
સ્નપન કરિ સુરપતિ જજૈં, મૈં જજહૂં ધરિ ધ્યાન.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્રાય જેષ્ઠવદીચૌદશ જન્મકલ્યાણકમંડિતાય અર્ઘં૦

જેષ્ઠ અસિત ચૌદસિ ધર્યો, તપ તજિ રાજમહાન;
સુરનર ખગપતિ પદ જજૈં, મૈં જજહૂં ભગવાન.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્રાય જેષ્ઠવદીચૌદશ તપોમંગલમંડિતાય અર્ઘં૦

પૌષ શુક્લ ગ્યારસ હને, ઘાતિ કર્મ ધરિ ધ્યાન;
કેવલ લહિ વૃષ ભાષિયો, જજૂં શાંતિપદ ધ્યાય.

ॐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્રાય પૌષસુદીગ્યારસ જ્ઞાનમંગલમંડિતાય અર્ઘં૦

કૃષ્ણ ચતુર્દસ જેષ્ઠકી, હનિ અઘાતિ સિવથાન;
ગયે સમેદાચલથકી, જજૌં મોક્ષ કલ્યાણ.

ॐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્રાય જેષ્ઠવદીચૌદશ મોક્ષમંગલમંડિતાય અર્ઘં૦

## જયમાલા

(છપ્પય છંદ)

ભયે આપ જિનદેવ જગતમેં સુખ વિસ્તારે,
તારે ભવ્ય અનેક તિનોં કે સંકટ ટારે;
ટારે આઠોં કર્મ મોક્ષસુખ તિનકો ભારી,
ભારી બિરદ નિહાર લહી મૈં શરણ તિહારી.
તિહારે ચરણન કો નમૂં, દુઃખ દારિદ સંતાપહર;
હર સકલ કર્મ છિન એકમેં, શાંતિ જિનેશ્વર શાંતિકર. ૧

(દોહા)

સારંગ લક્ષણ ચરણ મેં, ઉન્નત ધનુ ચાલીસ;
હાટક વર્ણ શરીર દ્યુતિ, નમૂં શાંતિ જગ ઈશ. ૨

(છંદ ભુજંગપ્રયાત)

પ્રભો આપને સર્વકે ફન્દ છોરે, ગિનાઊં કછૂ મૈં તિનોં નામ થોડે;
પડો અંબુધિ બીચ શ્રીપાલરાઈ, જપો નામ તેરો ભયે થે સહાઈ. ૩
ધરો રાયને શેઠકો સૂલિકા પૈ, જપી આપકી નામકી સાર જાપૈ;
ભયે થે સહાઈ તબૈ દેવ આયે, કરી ફૂલવર્ષા સુવિષ્ટર બનાયે. ૪
જબૈ લાખ કે ધામ વહ્નિ પ્રસારી, ભયો પાંડવોં પૈ મહાકષ્ટ ભારી;
જબૈ નામ તેરે તની ટેર કીની, કરીથી વિદુરને વહીં રાહ દીની. ૫
હરી દ્રૌપદી ધાતુકીખંડ માંહી, તુમ્હીં વ્હાં સહાઈ ભલા ઔર નાહીં;
લિયો નામ તેરો ભલો શીલ પાલો, બચાઈ તહાંતૈં સબૈ દુઃખ ટાલો. ૬

જબૈ જાનકી રામને જો નિકારી, ધરે ગર્ભ કો ભાર ઉદ્યાન ડારી;
રટા નામ તેરો સબૈ સૌખ્યદાઈ, કરી દૂર પીડા સુ ક્ષણ ના લગાઈ. ૭

વ્યસન સાત સેવે કરૈં તસ્કરાઈ, સુઅંજન સે તારે ઘડી ના લગાઈ;
સહે અંજના ચંદના દુઃખ જેતે, ગયે ભાગ સારે જરા નામ લેતે. ૮

ઘડે બીચમેં સાસને નાગ ડારો, ભલો નામ તેરો જુ સોમા સંભારો;
ગઈ કાઢને કો ભઈ ફૂલમાલા, ભઈ હૈ વિખ્યાતા સબૈ દુઃખ ટાલા. ૯

ઇન્હેં આદિ દેકે કહાંલોં બખાનેં, સુનો બિરદ ભારી તિહૂંલોક જાને;
અજી નાથ મેરી જરા ઓર હેરો, બડી નાવ તેરી રતી બોઝ મેરો. ૧૦

ગહો હાથ સ્વામી કરો વેગ પારા, કહૂં ક્યા અબૈ આપની મૈં પુકારા;
સબૈ જ્ઞાન કે બીચ ભાસી તુમ્હારે, કરો દેર નાહીં મેરે શાંતિ પ્યારે.

(ઘત્તા)

શ્રી શાંતિ તુમ્હારી, કીરત ભારી, સુર નરનારી ગુણમાલા;
બખ્તાવર ધ્યાવે, રતન સુ ગાવે, મમ દુઃખ દારિદ સબ ટાલા.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેંદ્રાય પૂજનાર્થે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

*

## 卐 શ્રી વર્દ્ધમાન જિન પૂજા 卐

(ગીતા છંદ)

શ્રીવીર અતિબલધીર જગ અશરીર જગ અરિ વસ કરો,
ફિર ધારિ સંયમ પાય કેવલ જગતજન ભ્રમતમ હરો;
ગુણનંતનંત ચતુષ્ટમંડિત ભવિકજન ભવ તારિયો,
પ્રભુ અત્ર તિષ્ઠ વિશિષ્ટ ફલ દ્યો યહ અરજ ચિત ધારિયો.

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્ર! અત્રાવતર અવતર સંવૌષટ્,

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્ર! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ,

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્ર! અત્ર મમ સન્નિહિતો ભવ ભવ વષટ્.

ગંગાહ્દ નિર્મલ નીર, પ્રાશુક શીતમહા,
જિન ચરન ચઢાવત ધીર, મેટો જન્મજરા;
શ્રી વીર હરો ભવપીર, શિવસુખદાયક હો,
મમ અરજ સુનોં ગુણધીર, તુમ જગનાયક હો.

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય જન્મજરામૃત્યુવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

અતિ ઉત્તમ ગંધ મિલાય, ચન્દન ઘસિ લાવો,
પૂજૌં જિનવરકે પાય, શાંત સુધા પાવો. શ્રી વીર૦

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય ભવાતાપવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા.

સિત સરલ અખંડ અનૂપ, અક્ષત ધોય ધરૂં,
પૂજૌં પદ જિનવર ભૂપ, શિવતિય સાર વરૂં. શ્રી વીર૦

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય અક્ષયપદપ્રાપ્તયે અક્ષતાન્ નિર્વપામીતિ સ્વાહા.

નાનાવિધિ ફૂલ અનૂપ, ગંધિત અલિ આવૈ,
પદ પૂજૌં તિહું જગભૂપ, કામવિથા જાવૈ. શ્રી વીર૦

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય કામબાણવિધ્વંસનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા.

ચરુ ઉત્તમ સરસ બનાય, બહુવિધિ થાર ભરૌં,
જિન ચરનન દેત ચઢાય, દોષ ક્ષુધાદિ હરૌં. શ્રી વીર૦

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય ક્ષુધારોગવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા.

બહુ વિધિકો દીપ બનાય, જગમગ જોતિ કરૈં,
જિન ચરનન દેત ચઢાય, ભ્રમતમ મોહ હરૈં. શ્રી વીર૦

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય મોહાંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા.

દશ વિધિકી ધૂપ મહાન, જિનવર પદ પૂજૌં,
વસુકર્મ અરી વિનસાય, શિવતિયપતિ હૂજૌં. શ્રી વીર૦

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય અષ્ટકર્મવિધ્વંસનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા.

અતિ ઉત્તમ ફલ સુખદાય, સરસ સુગંધ ભરૈં,
જિનવરપદ પૂજ રચાય, સ્વગુણ પ્રકાશ કરૈં. શ્રી વીર૦

ॐ ह्रीं श्री वर्द्धमानजिनेंद्राय मोक्षफलप्राप्तये फलं निर्वपामीति स्वाहा.

જલફલ વસુ દ્રવ્ય મિલાય, અર્ઘ બનાય મહા,
જિનવરપદ પૂજૌં જાય, શિવસુખદાય કહા. શ્રી વીર૦

ॐ ह्रीं श्री वर्द्धमानजिनेंद्राय अनर्घ्यपदप्राप्तये अर्घं निर्वपामीति स्वाहा.

## પંચકલ્યાણક અર્ઘ

(છંદ સુંદરી)

સિત અષાઢતની છઠિ જાનિયે, ગર્ભ મંગલ તાદિન માનિયે,
શચિ કિયો જનનીપદ પૂજજી, હમ જજૈં ઈત શિવસુખ હૂજજી.

ॐ ह्रीं अषाढशुक्लषठयां गर्भमंगलप्राप्ताय श्री वर्द्धमानजिनेंद्राय अर्घं नि०

શુકલ ચૈત ત્રયોદસિ જાનિયે, જન્મ મંગલ તાદિન માનિયે,
સુરસુરાદિ જજૈં ગિરિ જાયકે, હમ જજૈં ઈત મસ્તક નાયકે.

ॐ ह्रीं चैत्रशुक्लत्रयोदश्यां जन्ममंगलप्राप्ताय श्री वर्द्धमानजिनेंद्राय अर्घं नि०

અસિત મગસિરકી દસમી કહી, સ્વહિત કારન જિનદીક્ષા લઈ,
સકલ ઈંદ્ર જજૈં તહાં જાયકે, હમ જજૈં ઈત પ્રીત લગાઈકે.

ॐ ह्रीं मार्गशीर्षकृष्णदशम्यां तपोमंगलप्राप्ताय श्री वर्द्धमानजिनेंद्राय अर्घं नि०

શુકલ વૈશાખી દશમી કહી, કર્મઘાતિ ચતુષ્ટ હને સહી,
જગતપતિજિન કેવલ પાઈયૌ, હમ તિન્હૈં નિત મસ્તક નાઈયૌ.

ॐ ह्रीं वैशाखशुक्लदशम्यां ज्ञानमंगलप्राप्ताय श्री वर्द्धमानजिनेंद्राय अर्घं नि०

અસિત કાર્તિક માવસ જાનિયે, પરમ શિવકલ્યાણ પ્રમાનિયે,
સકલ ઇન્દ્ર જજૈં સિર નાયકે, હમ જજૈં નિત ભક્તિ બઢાયકે.

ॐ ह्रीं कार्तिककृष्णामावास्यायां मोक्षमंगलप्राप्ताय श्री वर्द्धमानजिनेंद्राय अर्घं नि०

## જયમાલા

(છંદ ત્રિભંગી)

જય જય જગતારી, શિવહિતકારી, અનિવારી વસુકર્મ હરો,
મમ અરજ સુનીજૈ, ઢીલ ન કીજૈ, શિવસુખ દીજૈ દયા કરો.

(છંદ કુસુમલતા)

જયવંતૌ જગમાંહિ જગતપતિ, તુમ ગુણ પાર ન પાયા હૈ,
ગણનાયક રિષિ મુનિ સબ હારે, સહસ ચક્ષુ લલચાયા હૈ;
જિનકે ગર્ભ જન્મ તપમાંહી, સુર સમૂહ સબ આયા હૈ,
સાધિ નિયોગ યોગ સબ કરિકે, નિજ નિજ શીસ નવાયા હૈ. ૧

બાલ સમય મદભંજન મદકો, કોટિ અનંગ લજાયા હૈ,
દિવ્ય સરૂપ નિરખિ સુર સુરપતિ, શિવતિય મન લલચાયા હૈ;
હિત મિત વચન સુધાસમ જિનકે, સુનત શ્રવણ સુખ પાયા હૈ,
દિવ્ય સુગંધ અંગકી શોભા, નિરખિ દ્રગન મન ભાયા હૈ. ૨

ભવિજન કમલ પ્રકાશન સૂરજ, વજ્ર સ્વરૂપી કાયા હૈ,
વચન કિરણકરિ ભ્રમ તમ નાશૌ, વૃષ મારગ દર્શાયા હૈ;
વિધિ અરિકે વસ પરૌ જગત લખિ, મન કરુનામેં આયા હૈ,
મોહ અરિકે નાસ કરનકો, વીરરૂપ દરશાયા હૈ. ૩

નિજ પરણતિ દલ સાજિ સ્વબલ કરિ, વિધિકો માર ગિરાયા હૈ,
કેવલજ્ઞાન સુથાન આપનો, વીર વીર પદ પાયા હૈ;
સમવસરન વિધિ રચી શચીપતિ, સુરસમૂહ સબ આયા હૈ,
ભૂચર ખેચર નર પશુ સબહી, જિન દરશનકો ધાયા હૈ. ૪

ધર્માંમૃત વરષાય જગતકો, વિધિ વિષ વિષમ નસાયા હૈ,
મોહ જનિત નિદ્રાકો હરિકે, ભવિ શિવ પંથ લગાયા હૈ;
કરિ વિહાર પાવાપુર વનતેં, શિવ મન્દિરકો ધાયા હૈ,
ઐસે વર્દ્ધમાન જિનવરકો, સુર નર શીસ નવાયા હૈ. ૫

શ્રીમત સન્મતિ શુભમતિ દાતા, તુમ ગુણ પાર ન પાયા હૈ,
વર્દ્ધમાન મહાવીર વીર અતિ, નામ બહુત શ્રુત ગાયા હૈ;
કરુણાનિધિ પ્રતિપાલ જગતકે, અધમ ઉધાર કહાયા હૈ,
અરજ સુનોં યહ એક જિનેશ્વર, દેહુ સ્વગુણ શિવ માયા હૈ. ૬

(દોહા)

કુમતિ ગજનિ કેહરી પ્રબલ, જિનમતિ મતિ ચક્રેશ;
મોકોં નિજ પદ દીજિયે, નમત સદા સુર શેષ.

ૐ હ્રીં શ્રી વર્દ્ધમાનજિનેંદ્રાય પૂર્ણાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

(અડિલ્લ)

વર્તમાન જિનરાય ભરતકે જાનિયે,
પંચકલ્યાણક માનિ ગયે શિવથાનિયે;
જો નર મન વચ કાય પ્રભુ પૂજૈ સહી,
સો નર દિવસુખ પાય લહૈ અષ્ટમ મહી.

॥ ઇત્યાશીર્વાદઃ, પરિપુષ્પાંજલિ ક્ષિપેત્ ॥

*

## 卐 અર્ઘાવલી 卐

### શ્રી ચોવીસ જિનેન્દ્રનો અર્ઘ

જલ ફલ આઠોં શુચિસાર, તાકો અર્ઘ કરોં,
તુમકો અરપોં ભવતાર, ભવ તરિ મોક્ષ વરોં;
ચૌબીસૌં શ્રી જિનચંદ, આનંદકંદ સહી,
પદ જજત હરત ભવફંદ, પાવત મોક્ષમહી.

ૐ હ્રીં શ્રી વૃષભાદિ ચતુર્વિંશતિતીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### શ્રી શાન્તિનાથ ભગવાનનો અર્ઘ

આઠ વિધિસોં અર્ઘ કરિયે, આઠ કર્મ જુ છીનવૈ,
તુમ કરહુ ભવિજન ભગત પ્રભુકી, 'જસકરણ'એ વીનવૈ;
શ્રી શાંતિનાથ જિનેશ પૂજૌં, ભાવસોં મન લાયકૈ,
શાંત કરિયૌ કર્મ સબરે, મોક્ષલક્ષ્મી પાયકૈ.

ૐ હ્રીં શ્રી શાંતિનાથજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી મહાવીર ભગવાનનો અર્ઘ

જલ ફલ વસુ સજિ હિમથાર, તન-મન મોદ ધરોં,
ગુણ ગાઊં ભવદધિ તાર, પૂજત પાપ હરોં;
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો,
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી સીમંધર ભગવાનનો અર્ઘ

શુચિ નિરમલ નીરં ગંધ સુઅક્ષત, પુષ્પ ચરુ લે મન હરષાય,
દીપ ધૂપ ફલ અર્ઘ સુ લેકર, નાચત તાલ મૃદંગ બજાય;
સીમંધરજિન ચરણકમલ પર, બલિ બલિ જાઊં મનવચકાય,
હો કરુણાનિધિ ભવદુઃખ મેટો, યાતૈં મૈં પૂજૂં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી સિદ્ધ ભગવાનનો અર્ઘ

હમમેં આઠોં હી દોષ, જજહું અર્ઘ લે સિદ્ધજી;
દીજ્યો વસુ ગુણ મોહિ, કર જોડ્યાં 'દ્યાનત' ખડો.

ૐ હ્રીં શ્રી સિદ્ધપરમેષ્ઠિને અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી નંદીશ્વરદ્વીપનો અર્ઘ

યહ અર્ઘ કિયો નિજ હેત, તુમકો અરપત હોં,
દ્યાનત કીનો શિવખેત, ભૂમિ સમરપત હોં;
નંદીશ્વર શ્રી જિનધામ, બાવન પૂજ કરોં,
વસુ દિન પ્રતિમા અભિરામ, આનંદભાવ ધરોં.

ૐ હ્રીં શ્રી નંદીશ્વરદ્વીપે દ્વિપંચાશત્ જિનાલયેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી જિનવાણીનો અર્ઘ

જલ ચન્દન અચ્છત, ફૂલ ચરુ ચત, દીપ ધૂપ અતિ ફલ લાવૈં,
પૂજાકો ઠાનત, જો તુમ જાનત, સો નર દ્યાનત સુખ પાવૈં;
તીર્થંકરકી ધુનિ, ગણધરને સુનિ, અંગ રચે ચુનિ જ્ઞાનમઈ,
સો જિનવરવાની, શિવસુખદાની, ત્રિભુવન માની પૂજ્ય ભઈ.

ૐ હ્રીં શ્રી જિનમુખોદ્‌ભવ સરસ્વતીદેવ્યૈ પૂજનાર્થે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શ્રી કુંદકુંદાચાર્યદેવનો અર્ઘ

જલ ગંધ અક્ષત પુષ્પ ચરુ વર, દીપ ધૂપ સુ લાવના,
ફલ લલિત આઠોં દ્રવ્ય-મિશ્રિત, અર્ઘ કીજે પાવના;
કુંદકુંદ આદિક ઋદ્ધિધારક, મુનિનકી પૂજા કરૂં,
તા કરેં પાતિક હરેં સારે, સકલ આનંદ વિસ્તરૂં.

ૐ હ્રીં શ્રી કુંદકુંદાચાર્યાદિ ગુરુભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## રત્નત્રયનો અર્ઘ

આઠોં દ્રવ્ય નિરધાર, ઉત્તમ સે ઉત્તમ લિયે;
જન્મ રોગ નિરવાર, સમ્યક્ રત્નત્રય ભજૂં.

ૐ હ્રીં અષ્ટાંગ સમ્યક્‌દર્શનાય, અષ્ટવિધ સમ્યક્‌જ્ઞાનાય, ત્રયોદશવિધ સમ્યક્‌ચારિત્રેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## દશલક્ષણ ધર્મનો અર્ઘ

આઠોં દ્રવ્ય સંવાર, દ્યાનત અધિક ઉછાહસોં;
ભવ આતાપ નિવાર, દશલક્ષણ પૂજૂં સદા.

ૐ હ્રીં ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## સોલહકારણનો અર્ઘ

જલ ફલ આઠોં દ્રવ્ય ચઢાય, દ્યાનત વરત કરોં મન લાય,
પરમગુરુ હો, જય જય નાથ પરમગુરુ હો;

દરશવિશુદ્ધ ભાવના ભાય, સોલહ તીર્થંકરપદ પાય,
પરમગુરુ હો, જય જય નાથ પરમગુરુ હો.

ૐ હ્રીં દર્શનવિશુદ્ધયાદિ ષોડશકારણેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## નિર્વાણક્ષેત્રનો અર્ઘ

જલ ગંધ અક્ષત ફૂલ ચરુ ફલ, દીપ ધૂપાયન ધરૌં,
દ્યાનત કરો નિરભય જગતસોં, જોર કર વિનતી કરૌં;
સમ્મેદ ગઢ ગિરનાર ચંપા, પાવાપુરિ કૈલાસકોં,
પૂજૌં સદા ચૌબીસ જિન, નિર્વાણભૂમિ નિવાસકોં.

ૐ હ્રીં શ્રી વૃષભાદિ ચતુર્વિંશતિતીર્થંકરનિર્વાણક્ષેત્રેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## સમુચ્ચય અર્ઘ

(ગીતા છંદ)

મૈં દેવ શ્રી અર્હન્ત પૂજૂં, સિદ્ધ પૂજૂં ચાવસોં,
આચાર્ય શ્રી ઉવઝાય પૂજૂં, સાધુ પૂજૂં ભાવસોં;
અર્હન્ત–ભાષિત વૈન પૂજૂં, દ્વાદશાંગ રચે ગની,
પૂજૂં દિગમ્બર ગુરુચરન, શિવહેત સબ આશા હની.

સર્વજ્ઞ-ભાષિત ધર્મ દશવિધિ, દયામય પૂજૂં સદા,
જજિ ભાવના ષોડશ રતનત્રય, જા વિના શિવ નહિ કદા;
ત્રૈલોક્યકે કૃત્રિમ અકૃત્રિમ, ચૈત્ય ચૈત્યાલય જજૂં,
પંચમેરુ નંદીશ્વર જિનાલય, ખચર સુર પૂજિત ભજૂં.

કૈલાસ શ્રી સમ્મેદ શ્રી ગિરનાર ગિરિ પૂજૂં સદા,
ચંપાપુરી પાવાપુરી, પુનિ ઔર તીરથ શર્મદા;
ચૌબીસ શ્રી જિનરાજ પૂજૂં, બીસ ક્ષેત્ર વિદેહકે,
નામાવલી ઇક સહસ વસુ, જય હોય પતિ શિવગેહકે.

(દોહા)

**જલ ગંધાક્ષત પુષ્પ ચરુ, દીપ ધૂપ ફલ લાય;**
**સર્વ પૂજ્ય પદ પૂજહૂં, બહુ વિધ ભક્તિ બઢાય.**

ૐ હ્રીં ભાવપૂજા, ભાવવંદના, ત્રિકાલપૂજા, ત્રિકાલવંદના કરવી –કરાવવી–ભાવના ભાવવી। શ્રી અરહંતજી, સિદ્ધજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સર્વસાધુજી—પંચપરમેષ્ઠિભ્યો નમઃ। પ્રથમાનુયોગ–કરણાનુયોગ–ચરણાનુયોગ–દ્રવ્યાનુયોગેભ્યો નમઃ। દર્શનવિશુદ્ધયાદિ ષોડશકારણેભ્યો નમઃ। ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મેભ્યો નમઃ। સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્-ચારિત્રેભ્યો નમઃ । જલ વિષે, થલ વિષે, આકાશ વિષે, ગુફા વિષે, પહાડ વિષે, નગર-નગરી વિષે, ઊર્ધ્વલોક-મધ્યલોક-પાતાલલોક વિષે બિરાજમાન કૃત્રિમ--અકૃત્રિમ જિનચૈત્યાલય–જિનબિંબેભ્યો નમઃ । વિદેહક્ષેત્રે વિદ્યમાન વીસ તીર્થંકરેભ્યો નમઃ। પાંચ ભરત, પાંચ ઐરાવત—દસ ક્ષેત્ર સંબંધી ત્રીસ ચોવીસીના સાતસો વીસ જિનેન્દ્રેભ્યો નમઃ। નંદીશ્વરદ્વીપસંબંધી બાવન જિનચૈત્યાલયેભ્યો નમઃ। સમ્મેદશિખર, કૈલાસ, ચંપાપુર, પાવાપુર, ગિરનાર આદિ નિર્વાણક્ષેત્રેભ્યો નમઃ। શત્રુંજય, તારંગા આદિ સિદ્ધક્ષેત્રેભ્યો નમઃ। અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી, જૈનબિદ્રી, મૂડબિદ્રી આદિ અતિશયક્ષેત્રેભ્યો નમઃ। શ્રી ચારણ ઋદ્ધિધારી સપ્ત પરમઋષિભ્યો નમઃ। ઇતિ ઉપર્યુક્તેભ્યઃ સર્વેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## શાંતિપાઠ

(શાંતિપાઠ બોલતી વખતે બંને હાથથી પુષ્પવૃષ્ટિ કરવી)

**શાંતિનાથ મુખ શશિ ઉનહારી, શીલગુણવ્રતસંયમધારી;**
**લખન એક સૌ આઠ વિરાજૈ, નિરખત નયન કમલદલ લાજૈ.**

**અર્થ :**—જેમનું મુખ ચંદ્રમા સમાન નિર્મળ છે, જેઓ શીલ, ગુણ, વ્રત અને સંયમના ધારક છે, જેમનું શરીર ૧૦૮ લક્ષણોથી યુક્ત છે અને જેમનાં નેત્ર કમલ કરતાં અધિક સુંદર છે તે શ્રી શાન્તિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**પંચમ ચક્રવર્તિપદ ધારી, સોલમ તીર્થંકર સુખકારી;**
**ઇન્દ્ર નરેન્દ્ર પૂજ્ય જિનનાયક, નમોં શાંતિહિત શાંતિ વિધાયક.**

**અર્થ** :—જેઓ પાંચમા ચક્રવર્તી છે, સુખ કરનારા સોળમા તીર્થંકર છે તેમ જ ઇન્દ્ર અને નરેન્દ્રથી પૂજનીય તીર્થંકર છે એવા શાંતિના કરવાવાળા શાંતિનાથ ભગવાનને સંઘની શાંતિની ઇચ્છાથી હું નમસ્કાર કરું છું.

**દિવ્ય વિટપ પહુપનકી વરષા, દુન્દુભિ આસન વાણી સરસા;**
**છત્ર ચમર ભામંડલ ભારી, યે તુવ પ્રાતિહાર્ય મનહારી.**

**અર્થ** :—(૧) અશોકવૃક્ષ, (૨) દેવો દ્વારા પુષ્પવૃષ્ટિ, (૩) દુન્દુભિ વાજાં, (૪) સિંહાસન, (૫) વીતરાગરસથી ભરપૂર દિવ્યધ્વનિ, (૬) છત્ર, (૭) ચામર અને (૮) ભામંડલ—આ આપના આઠ પ્રાતિહાર્ય જીવોના મનને હરી લે છે.

**શાંતિ જિનેશ શાંતિ સુખદાઈ, જગતપૂજ્ય પૂજૌં શિર નાઈ;**
**પરમ શાંતિ દીજૈ હમ સબકો, પઢૈં તિન્હેં પુનિ ચાર સંઘકો.**

**અર્થ** :—તે જગત્પૂજ્ય અને શાંતિ-સુખના દાતા શાન્તિનાથ ભગવાનને મસ્તક નમાવીને વંદન કરું છું. તે શાન્તિનાથ ભગવાન અમને સર્વને—ચાર સંઘને અને શાંતિપાઠ વાંચનારને—સદા પરમ શાંતિ આપો.

(વસંતતિલકા)

**પૂજૈં જિન્હેં મુકુટ હાર કિરીટ લાકે,**
**ઇન્દ્રાદિ દેવ અરુ પૂજ્ય પદાબ્જ જાકે;**
**સો શાંતિનાથ વરવંશ જગત્પ્રદીપ,**
**મેરે લિયે કરહિં શાંતિ સદા અનૂપ.**

**અર્થ** :—મુગટ, હાર, કુંડલ અને રત્નોને ધારણ કરનારા ઇન્દ્રાદિ દેવ જેમનાં ચરણકમલની પૂજા કરે છે તે શ્રેષ્ઠવંશી તથા જગતને પ્રકાશિત કરવાવાળા શાંતિનાથ ભગવાન મને સદા અનુપમ શાંતિ આપો.

(ઇન્દ્રવજ્રા)

**સંપૂજકોંકો, પ્રતિપાલકોંકો, યતીનકો ઔ યતિનાયકોંકો;**
**રાજા પ્રજા રાષ્ટ્ર સુદેશકો લે, કીજે સુખી હે જિન શાંતિકો દે.**

અર્થ :—પૂજા કરનારને, પ્રજાનું રક્ષણ કરનારને, મુનિઓને અને આચાર્યોને તથા રાજા, પ્રજા, દેશ તેમ જ રાષ્ટ્રને હે ભગવાન જિનેન્દ્ર! શાંતિ પ્રદાન કરો, સુખી કરો.

(સ્ત્રગ્ધરા છંદ)

**હોવૈ સારી પ્રજાકો, સુખ બલયુત હો, ધર્મધારી નરેશા,**
**હોવૈ વર્ષા સમૈ પૈ, તિલભર ન રહૈ, વ્યાધિયોંકા અન્દેશા;**
**હોવૈ ચોરી ન જારી, સુસમય વરતૈ, હો ન દુષ્કાલ મારી,**
**સારે હી દેશ ધારૈં, જિનવર વૃષકો, જો સદા સૌખ્યકારી.**

અર્થ :—બધા જ જીવોનું કલ્યાણ થાવ, રાજા બળવાન અને ધાર્મિક હો, વર્ષા સમય પર સારી રીતે વરસે, રોગોનો જરાપણ ડર ન રહે, ચોરી આદિ ન થાય, સુકાલ વર્તે તથા દુષ્કાલ ન પડે, પ્લેગ ન થાય અને દેશના સર્વ જીવો જે સદા સુખનો આપનાર છે એવા જિનદેવના ધર્મને ધારણ કરે.

(દોહા)

**ઘાતિકર્મ જિન નાશ કરિ, પાયો કેવલરાજ;**
**શાંતિ કરો સબ જગતમેં, વૃષભાદિક જિનરાજ.**

અર્થ :—ઘાતિ કર્મોનો નાશ કરી જિનેન્દ્રદેવે કેવલજ્ઞાનરૂપી રાજ્ય પ્રાપ્ત કર્યું. આવા ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકર આખા જગતમાં શાંતિ કરો.

(મન્દાક્રાન્તા)

**શાસ્ત્રોંકા હો પઠન સુખદા, લાભ સત્સંગતીકા,**
**સદ્વૃત્તોંકા સુજસ કહકે, દોષ ઢાંકૂં સભીકા;**
**બોલૂં પ્યારે વચન હિતકે, આપકા રૂપ ધ્યાઊં,**
**તૌલૌં સેઊં ચરણ જિનકે, મોક્ષ જૌલૌં ન પાઊં.**

**અર્થ** :—શાસ્ત્રોનો આનંદપૂર્વક અભ્યાસ કરું, સત્ પુરુષની સંગતિનો લાભ મળે, સદ્ગુણોના યશગાન કરીને કોઈના દોષ બહાર ન પાડું, મીઠાં અને હિતકારી વચન બોલું, આપના (જિનેન્દ્રદેવના) સ્વરૂપનું ધ્યાન કરું અને જિનદેવના ચરણોની સેવા કરું—આ સર્વ વસ્તુ હું જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન કરું ત્યાં સુધી મને પ્રાપ્ત હો.

(આર્યા)

**તવ પદ મેરે હિયમેં, મમ હિય તેરે પુનીત ચરણોંમેં;**
**તબલૌં લીન રહૌં પ્રભુ, જબલૌં પાયા ન મુક્તિપદ મૈંને.**

**અર્થ** :—હે જિનેન્દ્રપ્રભુ! આપનાં ચરણ મારા હૃદયમાં અને મારું હૃદય આપનાં પાવન ચરણમાં ત્યાં સુધી લીન રહો કે જ્યાં સુધી મને મોક્ષપદની પ્રાપ્તિ ન થાય.

**અક્ષર પદ માત્રાસે દૂષિત, જો કછુ કહા ગયા મુઝસે;**
**ક્ષમા કરો પ્રભુ સો સબ, કરુણા કરિ પુનિ છુડાહુ ભવદુઃખસે.**

**અર્થ** :—હે પ્રભુ! પૂજા કરતી વખતે હીન કે અધિક અક્ષર, પદ તથા માત્રાથી અશુદ્ધ જે કાંઈ વચન મારાથી કહેવાયું છે તે બધાની ક્ષમા કરો અને કરુણા કરી મને ભવનાં દુઃખથી છોડાવો.

**હે જગબન્ધુ જિનેશ્વર! પાઊં તવ ચરણશરણ બલિહારી;**
**મરણ-સમાધિ સુદુર્લભ, કર્મોંકા ક્ષય સુબોધ સુખકારી.**

**અર્થ** :—હે ત્રણલોકના જીવોના બંધુ જિનેશ્વર! દુઃખનો નાશ કરનાર આપનાં ચરણોમાં શરણ પામું, કે જેનાથી દુર્લભ એવું સમાધિમરણ થાય, કર્મોનો ક્ષય થાય અને સુખકારક એવો સુબોધ–કેવળજ્ઞાન પ્રગટ થાય.

(નવ વાર ણમોકાર મંત્રનો જાપ કરવો.)

## વિસર્જન

**જ્ઞાનતોઽજ્ઞાનતો વાપિ, શાસ્ત્રોક્તં ન કૃતં મયા;**
**તત્સર્વં પૂર્ણમેવાસ્તુ, ત્વત્પ્રસાદાજ્જિનેશ્વર.**

આહ્વાનં નૈવ જાનામિ, નૈવ જાનામિ પૂજનં;
વિસર્જનં ન જાનામિ, ક્ષમસ્વ પરમેશ્વર.

મંત્રહીનં ક્રિયાહીનં, દ્રવ્યહીનં તથૈવ ચ;
તત્સર્વં ક્ષમ્યતાં દેવ, રક્ષ રક્ષ જિનેશ્વર.

**અર્થ** :—જાણ્યે કે અજાણ્યે શાસ્ત્રોમાં કહેલ જે કોઈ વિધિ હું ન કરી શક્યો હોઉં તે બધી હે જિનેશ્વર! આપની કૃપાથી પૂર્ણ થાવ.

હું ન તો આહ્વાનન જાણું છું કે ન પૂજનવિધિ જાણું છું અને વિસર્જન પણ જાણતો નથી, હે પરમેશ્વર! તેથી ક્ષમા કરો.

હે જિનદેવ! મંત્રમાં જે કોઈ કમી રહી હોય, ક્રિયામાં જે કોઈ કમી રહી હોય અને તેવી જ રીતે દ્રવ્યમાં જે કોઈ કમી રહી હોય તે સર્વની હે પ્રભો! ક્ષમા કરો અને હે જિનેશ્વરદેવ! મારી રક્ષા કરો, રક્ષા કરો.

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમો ગણી;
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોઽસ્તુ મંગલમ્.

સર્વમંગલ માંગલ્યં, સર્વકલ્યાણકારકં;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતુ શાસનમ્.

## વિસર્જન

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ–આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો;
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

(નવ વાર નમસ્કાર મંત્રનો જાપ કરવો)

# 卐 ચોવીસ તીર્થંકરોની આરતી 卐

અઘહર શ્રી જિનબિમ્બ મનોહર, ચોવીસ જિનકા કરો ભજન,
આજ દિવસ કંચન સમ ઉગિયો, જિનમંદિરમેં ચલો સજન. ટેક.

ન્હવન થાપના સહસ્રનામ પઢ, અષ્ટવિધાર્ચન પૂજા રચન,
આરતિ અરુ જયમાલા સ્તુતિ, સ્વાધ્યાય ત્રયકાલ પઠન;
જય જય આરતિ સુરનર નાચત, અનહદ દુંદુભિ બાજે બજન,
રત્નજડિત કર થાલ મનોહર, જ્યોતિ અનૂપમ ધૂમ્ર તજન.
અઘહર૦ ૧.

ઋષભ, અજિત, સંભવ સુખદાતા, અભિનંદનકે નમૂં ચરન,
સુમતિ, પદ્મપ્રભ, દેવ સુપારસ, ચન્દ્રનાથ વપુ શુભ્રવરન;
પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ અરુ, વાસુપૂજ્ય ભવ તારનતરન,
વિમલ, અનંત, ધર્મજિન, શાંતિ, કુંથુ, અરહ હર જન્મમરણ.
અઘહર૦ ૨.

મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિજિન, નેમિ, પાર્શ્વ હર અષ્ટ કરમ,
નાથવંશ હૈ ઉન્નત કર સત, અંતિમ સન્મતિ દેવ શરન;
સમવસરણકી અગણિત શોભા, બાર સભા ઉપદેશ ધરન,
જિન ઉદ્ધારક, ત્રિભુવન તારક, રાવ-રંકકો હૈ જુ શરન.
અઘહર૦ ૩.

તીર્થંકર ગુણ-માલ કંઠકર, જાપ જપો નિત કરો કથન,
દેવ-શાસ્ત્ર-ગુરુ વિનય કરો, ઈન તીન રતનકા કરો જતન.
અઘહર૦ ૪.

* * *

## 卐 શ્રી સમયસારજી–સ્તુતિ 卐

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

ભાવાર્થ :—હે મહાવીરપ્રભુ! આપે સંસારી જીવોનાં ભાવમરણ (રાગ-દ્વેષરૂપ પરિણમન) ટાળવા માટે કરુણા કરીને સાચું જીવન આપનાર દિવ્યધ્વનિરૂપી અમૃતની નદી વહેવડાવી હતી. તે અમૃતવાણીરૂપી નદીને સૂકાતી જોઈને કરુણાભીના હૃદયે ભાવલિંગી સંત મુનિરાજ કુંદકુંદાચાર્યે સમયસાર નામના મહાશાસ્ત્રરૂપી પાત્રમાં તે સત્ય જીવન આપનાર અમૃતવાણીરૂપી જળ ભરી લીધું.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા;
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

ભાવાર્થ :—પૂજ્ય કુંદકુંદાચાર્યદેવે સમયસાર શાસ્ત્ર બનાવ્યું અને અમૃતચંદ્રાચાર્યે તેના ઉપર આત્મખ્યાતિ નામની ટીકા લખીને માંગલિક સાથિયા કર્યા. હે ગ્રંથાધિરાજ સમયસાર! તારામાં આખા વિશ્વના ભાવો ભર્યા છે.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ–ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

ભાવાર્થ :—હે સમયસાર! તારી વાણી શાન્તરસમય ભાવથી ભરપૂર છે અને મુમુક્ષુ જીવોને ખોબે ખોબે અમૃતરસ પીવડાવે છે. તેથી (જેવી રીતે

વિષપાનથી ઉત્પન્ન થયેલી મૂર્છા અમૃતપાનથી દૂર થઈ જાય છે તેવી જ રીતે) અનાદિકાળની મિથ્યાત્વ-વિષથી ઉત્પન્ન મૂર્છા તરત જ દૂર થઈ જાય છે અને વિભાવભાવોમાં રમી રહેલી પરિણતિ ત્યાંથી અટકીને સ્વભાવ તરફ દોડવા લાગે છે.

(શાર્દૂલવિક્રીડિત)

**તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,**
**તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;**
**સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,**
**વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.**

**ભાવાર્થ** :—હે સમયસાર! તું નિશ્ચયનયનો ગ્રન્થ છે, તેથી વ્યવહારના બધા ભેદોને ભેદનાર છે અને તું જ જ્ઞાનભાવ અને કર્મોદયજન્ય ઔપાધિકભાવોની સંધિને છેદનાર પ્રજ્ઞારૂપી છીણી છે. તું મોક્ષમાર્ગના સાધકનો સાચો સાથી છે, જગતમાં જ્ઞાનપ્રકાશ ફેલાવનાર સૂર્ય છે, મહાવીરપ્રભુનો સત્ય સંદેશ છે, સંસારના દુઃખથી દુઃખી હૃદયનો વિસામો છે અને હે ગ્રંથરાજ! તું જ મુક્તિનો માર્ગ છે.

(વસંતતિલકા)

**સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,**
**જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;**
**તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,**
**તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.**

**ભાવાર્થ** :—હે સમયસાર! તને સાંભળવાથી અન્ય રસ ઢીલા પડી જાય છે, તને જાણતાં જ્ઞાનીનું હૃદય જણાઈ જાય છે, તારા પ્રત્યે રુચિ ઉત્પન્ન થતાં જ સાંસારિક વિષયભોગોની બધી રુચિ ટળી જાય છે અને જેના ઉપર તું રીઝે છે તેના ઉપર પૂર્ણ જ્ઞાનસ્વભાવવાળો જ્ઞાયકદેવ રીઝે છે. તાત્પર્ય એ છે કે પૂર્ણ જ્ઞાનસ્વરૂપી જ્ઞાયક આત્મા અનુભવમાં આવે છે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ભાવાર્થ :—શુદ્ધ સોનાના પત્ર બનાવીને તેના ઉપર રત્નોના અક્ષરોથી કુંદકુંદાચાર્યનાં સૂત્રો લખવામાં આવે તોપણ તે સૂત્રોનું મૂલ્ય ક્યારેય આંકી શકાય તેમ નથી.

*

## 卐 હમ તો કબહુ ન નિજ ઘર આયે 卐

હમ તો કબહુ ન નિજ ઘર આયે ॥ટેક॥
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે......હમ૦

પરપદ નિજપદ માન મગન હ્વૈ, પરપરનતિ લિપટાયે,
શુદ્ધ બુદ્ધ સુખકન્દ મનોહર, ચેતન ભાવ ન ભાયે......હમ૦

નર પશુ દેવ નરક નિજ જાન્યો, પરજય બુદ્ધિ લહાયે,
અમલ અખંડ અતુલ અવિનાશી, આતમ ગુન નહિં ગાયે......હમ૦

યહ બહુ ભૂલ ભઈ હમરી, ફિર કહા કાજ પછતાયે,
'દૌલ' તજો અજહુ વિષયનકો, સતગુરુ વચન સુનાયે......હમ૦

*

## 卐 અમૂલ્ય તત્ત્વવિચાર 卐

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?......૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;

વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!.......૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો; એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્દુ:ખ તે સુખ નહીં.......૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.......૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.......૫

*

## 卐 બાર ભાવના 卐

(પં. જયચંદજી છાબડા)

વૈરાગ્ય ઉત્પન્ન થવાના સમયે બાર ભાવનાઓનું ચિંતવન કરનાર જ્ઞાની આત્મા આ રીતે વિચારે છે કે—

**અનિત્ય**– દ્રવ્યરૂપ કરિ સર્વ થિર, પરજય થિર હૈ કૌન;
દ્રવ્યદૃષ્ટિ આપા લખો, પરજય નય કરિ ગૌન.

દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો આખું જગત સ્થિર છે, પણ પર્યાયદૃષ્ટિથી કોઈપણ સ્થિર નથી. તેથી પર્યાયાર્થિકનયને ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિથી એક આત્માનો જ અનુભવ કરો.

**અશરણ—** **શુદ્ધાતમ અરુ પંચ ગુરુ, જગમેં સરનૌ દોય;**
**મોહ ઉદય જિયકે વૃથા, આન કલ્પના હોય.**

આ વિશ્વમાં બે જ શરણ છે : નિશ્ચયથી નિજ શુદ્ધાત્મા અને વ્યવહારથી પંચ પરમેષ્ઠી; પણ મોહને લીધે આ જીવ નિરર્થક બીજી કલ્પના કરે છે—અન્ય પદાર્થોને શરણ માને છે.

**સંસાર—** **પર દ્રવ્યનતૈં પ્રીતિ જો, હૈ સંસાર અબોધ;**
**તાકો ફલ ગતિ ચારમેં, ભ્રમણ કહ્યો શ્રુત શોધ.**

નિશ્ચયથી પર પદાર્થો પ્રત્યે મોહ—રાગ-દ્વેષભાવ જ સંસાર છે, અજ્ઞાન છે. જિનવાણીએ તેનું ફળ ચાર ગતિમાં દુ:ખ ભોગવતા થકા ભ્રમણ કહ્યું છે.

**એકત્વ—** **પરમારથતૈં આતમા, એકરૂપ હી જોય;**
**કર્મનિમિત્ત વિકલપ ઘને, તિન નાસે શિવ હોય.**

નિશ્ચયથી તો આત્મા એકરૂપ જ છે, પરંતુ કર્મના નિમિત્તે અનેક વિકલ્પ (–ભેદ) ઉત્પન્ન થાય છે. આ વિકલ્પોનો નાશ થતાં મુક્તિ થાય છે.

**અન્યત્વ—** **અપને અપને સત્ત્વકૂં, સર્વ વસ્તુ વિલસાય;**
**ઐસે ચિંતવૈ જીવ તબ, પરતૈં મમત ન થાય.**

પ્રત્યેક પદાર્થ પોતપોતાની સત્તામાં જ પરિણમન કરી રહ્યો છે, (કોઈ કોઈનો કર્તા-હર્તા નથી.) જ્યારે જીવ આમ ચિંતવન કરે છે ત્યારે તેને પર પ્રત્યે મમત્વ થતું નથી.

**અશુચિ—** **નિર્મલ અપની આતમા, દેહ અપાવન ગેહ;**
**જાનિ ભવ્ય નિજ ભાવકો, યાસોં તજો સનેહ.**

આ પોતાનો આત્મા નિર્મળ છે અને આ શરીર મહા અપવિત્ર છે. તેથી હે ભવ્ય જીવો! પોતાના સ્વભાવને ઓળખીને આ અપવિત્ર શરીર પ્રત્યેનો સ્નેહ છોડો.

**આસ્રવ—** **આતમ કેવલ જ્ઞાનમય, નિશ્ચય-દૃષ્ટિ નિહાર;**
**સબ વિભાવ પરિણામમય, આસ્રવભાવ વિડાર.**

નિશ્ચયદૃષ્ટિથી આત્માને માત્ર જ્ઞાનમય નિહાર-જો અને સર્વ આસ્રવભાવને વિભાવ પરિણામમય જોઈને નાશ કર.

**સંવર—** **નિજ સ્વરૂપમેં લીનતા, નિશ્ચય સંવર જાનિ;**
**સમિતિ ગુપ્તિ સંજમ ધરમ, ધરૈં પાપકી હાનિ.**

નિજ આત્મસ્વરૂપમાં લીન થઈ જવું તે જ ખરેખર સંવર છે એમ જાણીને સમિતિ, ગુપ્તિ અને સંયમરૂપ ધર્મને(-સંવરને) ધારણ કરે તો પાપોનો નાશ થાય.

**નિર્જરા—** **સંવરમય હૈ આત્મા, પૂર્વ કર્મ ઝડ જાય;**
**નિજ સ્વરૂપકો પાય કર, લોક શિખર જબ થાય.**

જ્ઞાનસ્વભાવી આત્મા જ સંવર (-ધર્મ)મય છે. તેના આશ્રયથી જ્યારે પૂર્વોપાર્જિત કર્મો નિર્જરી જાય છે-નાશ પામે છે ત્યારે આ આત્મા પોતાના સ્વભાવને પૂર્ણપણે પ્રાપ્ત કરીને લોકાગ્રે જાય છે.

**લોક—** **લોક સ્વરૂપ વિચારિકેં, આતમ રૂપ નિહારિ;**
**પરમારથ વ્યવહાર ગુણિ, મિથ્યાભાવ નિવારિ.**

લોક (-છ દ્રવ્ય)ના સ્વરૂપનો વિચાર કરીને પોતાના આત્માના સ્વરૂપનો અનુભવ કરવો. તેમ જ નિશ્ચય અને વ્યવહારને સારી રીતે જાણીને મિથ્યાત્વભાવને દૂર કરવો જોઈએ.

**બોધિદુર્લભ—** **બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાહિં;**
**ભવમેં પ્રાપતિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાહિં.**

જ્ઞાન પોતાનો સ્વભાવ છે, તેથી તે નિશ્ચયથી દુર્લભ નથી. છતાં સંસારમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ કઠણ—દુર્લભ છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે.

**ધર્મ—** **દર્શજ્ઞાનમય ચેતના, આતમધર્મ બખાનિ;**
**દયાક્ષમાદિક રત્નત્રય, યામેં ગર્ભિત જાનિ.**

આત્માનો સ્વભાવ દર્શન-જ્ઞાનમય ચેતના છે. ક્ષમા આદિ દસ ધર્મ, દયા (અહિંસા) અને રત્નત્રય—આ બધાં એમાં જ સમાઈ જાય છે.

# 卐 શિખામણ 卐

અરે! જીવ વૈભવમાં હરખાય, જ્ઞાંયકનું રટણ વિસરી જાય;
આતમની અમૂલ્ય મોસમ એળે ના વહી જાય.......
અરે! જીવ વૈભવમાં.......

કાચી માટી સમી બની છે આ કાયા,
એમાં ઊંડી બાંધી મમતાની માયા,
હવાઈ મહેલના હોતા નથી પાયા,
નથી કોઈ સહારો એમાં કાંઈ,
અરે! જીવ વૈભવમાં હરખાય....૧

સુતર તાંતણ સમી આ જીવાદોરી,
રાગ-દ્વેષની તે રમતું કાં માંડી,
પરમાં રહી તે મતિ મુંઝાવી,
ચેતીને જાગી જા ક્ષણમાંહી,
અરે! જીવ વૈભવમાં હરખાય....૨

પરમ પુણ્યે સુ-અવસર આવ્યા,
સદ્ગુરુ-માતના સંદેશા પામ્યા,
વિજ ઝબકારે મોતી પરોવી લે,
જનમ તારો સાર્થક કરી લે ભાઈ,
અરે! જીવ સમજાણું છે કાંઈ?....૩

તું છે ખરો તારો રક્ષણહારો,
આતમ તારો એક આશ્રય પ્યારો,
તું જ ઉદ્ધારક તારક તારો,
હવે તું પરમાં કાં અટવાય,
અરે! જીવ વૈભવમાં હરખાય.....૪

* * *

## 卐 શ્રી જિન-સ્તવન 卐

આજ મારા હૃદયમાં, આનંદસાગર ઉછળે;
જિનચંદ્રના દર્શન વડે, સંતાપ સવિ સહેજે ટળે.

કળિકાળમાં જિનદેવનું, દર્શન જીવન આધાર છે;
પામશે જે શુદ્ધભાવે, તરી જશે સંસાર તે.

ભવવને ભમતાં થકાં, ભૂલા પડેલાં માર્ગમાં;
દર્શનરૂપી દીપક લઈ, જાશું અમે અપવર્ગમાં.

રામનો સંગમ થયે, જે હર્ષ પામે જાનકી;
તેવી જ રીતે ભવિકને, જિનદેવના દર્શન થકી.

શ્રી ગુરુ વચનામૃત સુણી, જાણ્યું અમે જિનદર્શને;
મુજ આત્મ જાગે, પાપ ભાગે, સિદ્ધની પદવી મળે.

## 卐 જૈનધર્મનો દીપક 卐

આ જૈનધર્મનો દીપક, જેની પાવન જ્યોત નિરાળી;
નિજ આતમધ્યાન ધરીને, જિનદેવોએ પ્રગટાવી.
આ જૈનધર્મનો......

આ ઝળહળતા દીવડાને, તમે ઝાંખો થવા ન દેશો;
એની જ્યોત કદી ન બુઝાયે, એવા કામ ન કોઈ કરશો.
આ જૈનધર્મનો.....

અમે વીર પ્રભુના પુત્રો, એક વાત હૃદયમાં ધરશું;
મહાવીર પ્રભુ શાસનને, બદનામ કદી ના કરશું.
આ જૈનધર્મનો.....

અમે કહાન ગુરુના ભક્તો, દૃઢ શ્રદ્ધા હૈયે ધરીશું;
ગુરુ-માત તણાં શાસનને, પળ પળ ઉજ્જવળ કરીશું.
આ જૈનધર્મનો....

જે સમ્યગ્દષ્ટિ જીવોએ, આ પંથ પરમ પ્રકાશ્યો;
તે પંથે પગલાં ભરીને, નિજ આતમલક્ષ્મી વરીશું.
આ જૈનધર્મનો....

ગુરુજીનાં ગુણો સ્મરીને, એ પાવન પંથે જઈશું;
તેઓનાં મુક્તિસંઘમાં, સૌ મુમુક્ષુઓ જઈ મળીશું.
આ જૈનધર્મનો....

સુવર્ણપુરી કણ કણમાં, ગુંજે આતમ આતમ નાદ;
ઘર ઘરમાં નિત્ય વહે છે, રૂડી સમયસારની વાત.
આ જૈનધર્મનો....

* * *

## 卐 આતમદેવ 卐

મારે જોવો આતમદેવ કેવો હશે?
તે કેવો હશે, શું કરતો હશે?....મારે....

પોતે દેવાધિદેવ, પોતે ભગવાન જે;
પોતે પરમેશ્વર કેવો હશે?....મારે....

જાણે બધુંય વિશ્વ, ઝળકે બધુંય જ્યાં;
દર્પણ સમાન દેવ કેવો હશે?....મારે....

જુદો જગતથી ને જુદો શરીરથી;
આનંદે એકમેક કેવો હશે?....મારે....

જન્મ-મરણ નહીં, રાજા કે રંક નહીં;
સાગર આનંદનો કેવો હશે?....મારે....

આંખે દેખાય નહીં, કાને સુણાય નહીં;
જ્ઞાને જણાય એ કેવો હશે?....મારે....

* * *

## 卐 ધર્મ 卐

છે તેવા થવું તે ધર્મ.
પૂર્ણતાની પ્રતીતિ તે ધર્મ.
કેવળજ્ઞાનનો કટકો તે ધર્મ.
અમૃતસાગરનો અનુભવ તે ધર્મ.
જ્ઞાયકનું જ્ઞાન તે ધર્મ.
ધ્યેયનું ધ્યાન તે ધર્મ.
ચૈતન્યમાં ચરવું તે ધર્મ.
પરમાત્માને પામવો તે ધર્મ.
પ્રભુ આત્માને પકડવો તે ધર્મ.
આત્માનું આરાધન તે ધર્મ.
ધ્રુવને ધારવો તે ધર્મ.
સ્વભાવમાં સમાવું તે ધર્મ.
સ્વરૂપની સમજણ તે ધર્મ.
ગુણીના ગુણ ગાવા તે ધર્મ.
ભ્રમણાને ભાંગવી તે ધર્મ.
ભગવાનસ્વરૂપની ભાવના તે ધર્મ.
જાગતો જીવ જાગે તે ધર્મ.
ભગવાન આત્માની ભક્તિ તે ધર્મ.
સત્‌સ્વરૂપની સાધના તે ધર્મ.
દૃષ્ટાસ્વભાવનું દર્શન તે ધર્મ.
શ્રદ્ધેય તત્ત્વની શ્રદ્ધા તે ધર્મ.
સાધકની સાધના તે ધર્મ.
અંતરાત્માની આરાધના તે ધર્મ.
સ્વભાવની સેવા તે ધર્મ.
સ્વરૂપનું શરણ તે ધર્મ.

* * *

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનાં કેટલાંક પદો

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન. ૬.
ત્યાગ, વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭.
સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯.
સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ. ૧૨.
સ્વછંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭.
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮.
લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮.
અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધનરહિત થાય. ૨૯.
જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ. ૩૦.
નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨.
એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થનિવાસ. ૩૮.
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯.
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪.
જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭.
જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪.
જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને ક્યારે કદી ન થાય. ૬૫.
કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬.
ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ૭૮.
કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮.
જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯.
રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦.
આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧.
મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦.

વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧.
વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨.
કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩.
કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪.
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬.
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ. ૧૧૭.
મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩.
આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯.
જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦.
સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫.
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨.

*

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો. ૧.

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. ૨.

દર્શન મોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીયે, વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. ૩.

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. ૪.

સંયમના હેતુથી યોગપ્રવર્તના, સ્વરૂપલક્ષે જિન-આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. ૫.

પંચ વિષયમાં વર્તે રાગદ્વેષ વિરહિતતા, પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. ૬.

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા, માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની, લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. ૭.

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં, વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં, લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. ૮.

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા, અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં, દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. ૯.

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. ૧૦.

એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. ૧૧.

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં, સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. ૧૨.

એમ પરાજય કરીને ચારિત્રમોહનો, આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા, અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. ૧૩.

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી, સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ, પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. ૧૪.

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં, ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા, કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. ૧૫.

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં, બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે, આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. ૧૬.

મન વચન, કાયા ને કર્મની વર્ગણા, છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું, મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. ૧૭.

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા, પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય, અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. ૧૮.

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી, ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન, અનંત સહિત જો. ૧૯.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. ૨૦.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ-આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. ૨૧.

*

## 卐 સુવાક્ય 卐

❀ આત્મા એવો જ્ઞેય છે કે અનુમાનથી જણાય નહીં તથા એવો જ્ઞાયક છે કે અનુમાનથી જાણે નહીં.

❀ પૂર્વભવનું સ્મરણ તે જાતિસ્મરણ જ્ઞાન છે ને વર્તમાન સ્વભાવનું સ્મરણ તે સમ્યગ્જ્ઞાન છે.

❀ જેને રાગનો રસ છે તેને જ્ઞાનની અને રાગની સૂક્ષ્મ અંતઃસંધિ ખ્યાલમાં આવતી નથી. કેમ કે તેનો ઉપયોગ સ્થૂળ જ હોય છે. તેમ જ તે તો રાગમાં જ એકાકાર છે, તેથી સંધિ કેવી રીતે દેખાય? અને જો સંધિ —ભિન્નતા—ખ્યાલમાં આવે તો રાગનો રસ કેમ રહે?

❀ જેને જે ભાવની રુચિ હોય તેનાથી ભિન્ન પડી જ શકે નહીં. કારણ કે

રુચિ અનુયાયી વીર્ય. તેનું વીર્ય તે ભાવને રચવામાં જ કામ કરે, તેનાથી ભિન્ન પડવામાં નહીં.

❀ રાગ મારું લક્ષણ છે એમ માનવું તે અપલક્ષણ છે.

❀ આત્મા જ્ઞાનશરીર છે, રાગ ક્લેશશરીર છે અને નોકર્મરૂપ શરીર જડશરીર છે.

❀ શુભરાગથી ભવ ટળતો નથી, કેમ કે તે શુભભાવ પોતે જ ભવસ્વરૂપ છે, ઘોર સંસારનું મૂળ છે.

❀ હું કોણ? હું કેટલો? હું વીતરાગ સ્વભાવી હોવાથી જેના લક્ષે વીતરાગતા થાય તે હું ને તેટલો હું. જેના લક્ષે રાગ થાય તે હું નહીં.

❀ એકમાત્ર ગંધના આધારે કીડી (તેને ચક્ષુ-ઇન્દ્રિય નથી) ક્યાંય દૂર રહેલી સાકર સુધી પહોંચી જાય છે, તો પછી તું તારી પાસે રહેલા—અરે! તું પોતે જ છે એવા—જ્ઞાયક પાસે જ્ઞાનના આધારે કેમ ન પહોંચે? જરૂર પહોંચી શકે. ખામી છે રુચિની.

❀ કોઈના પુણ્યના ઉદયને જોઈને તેના પ્રત્યે ઇર્ષ્યા ન કરવી અને કોઈના પાપના ઉદયને જોઈને તેના પ્રત્યે તિરસ્કાર ન કરવો.

❀ કોઈ સારી—કિંમતી—ગમતી વસ્તુ ખોવાઈ જાય....અરે! ક્યાંક મુકાઈ ગઈ હોય ને જડતી ન હોય....તો કેવો ખેદ થાય છે? તો પછી આ આખો આત્મા ભૂલાઈ ગયો છે—ખોવાઈ ગયો છે—છતાં અંતરમાં કાંઈ જ થતું નથી? ખેદ પણ થતો નથી?....આ તને શું થયું છે?

❀ બધા જીવોને સ્વભાવથી સમાન જોવા, સંયોગથી નાના-મોટા નહીં, કેમ કે સંયોગ ભૂતકાળના ભાવનું ફળ છે, વર્તમાન ભાવનું નહીં.

❀ મુક્તપર્યાયને નિશ્ચયનયનો-શુદ્ધનયનો—વિષય માનવો તે મિથ્યાત્વ છે.

❀ જે અંદર મુક્તસ્વરૂપમાં ઉતરશે તેના ઉતારા મુક્તિમાં થશે....

❀ શ્રદ્ધામાં શુભભાવનો નિષેધ હોવા છતાં ભૂમિકા અનુસાર શુભભાવ આવે છે. વિવેકથી રહેવા જેવું છે.

❀ વિશ્વને બનાવનાર કોઈ નથી, વિશ્વમાં રહેલી વસ્તુને બનાવનાર કોઈ નથી, વસ્તુના સ્વભાવને બનાવનાર કોઈ નથી અને વસ્તુસ્વભાવના નિયમને પણ બનાવનાર કોઈ નથી.

❀ શરીરની બાહ્ય ક્રિયા કે સ્થૂળ શુભભાવ કે પરલક્ષી ક્ષયોપશમ-ધારણા કે તર્કના પાયા ઉપર અનુભવની ઇમારત ચણાતી–રચાતી નથી. તે તો માત્ર અંતરની ભાવનાના—એકમાત્ર રુચિના—તળમાંથી આવેલ રસના—પાયા ઉપર ચણાય–રચાય છે. તે જ એક માત્ર ઉપાય છે.

❀ જે જીવ શ્રુતજ્ઞાનથી કેવળ શુદ્ધ આત્માને જાણે તે શ્રુતકેવળી છે.

❀ મુનિરાજને જંગલમાં શું થશે?—ઉપસર્ગ થશે, દુઃખ થશે એમ અજ્ઞાની કહે છે.—શું થશે શું? અમને કેવળજ્ઞાન થશે એમ મુનિરાજ કહે છે.

❀ સર્વજ્ઞ સ્વભાવી આત્માને જે જ્ઞાન જાણે તે સર્વ જ્ઞાન છે.

❀ પર્યાયના પ્રેમમાં પોતાના પ્રભુમય પરમાત્માને પામતો નથી ને પામર થઈને પરિભ્રમણ કરે છે.

❀ બીજાની લીટી ભૂસ્યા વગર પોતાની લીટી મોટી કરવી તેમ બીજાની સામું જોયા વગર—દ્વેષ કે ઇર્ષ્યા કર્યા વગર—પોતાનું કાર્ય કર્યા કરવું.

❀ ઇશ્વર જગતનો કર્તા છે—જગતની કર્તાપણાની પરાકાષ્ટા. દ્રવ્ય પણ પર્યાયને કરે નહીં—જૈનધર્મની અકર્તાપણાની પરાકાષ્ટા.

❀ ભાઈ! અનાદિના દુઃખના ટાણાં ગયા. હવે તો અરિહંત ભગવાનના આત્મા જેવો મારો આત્મા છે એમ જાણવાના ટાણાં આવ્યા છે.

❀ પોતાનું પ્રયોજન કોણ નથી સાધતું? પોતાનું પ્રયોજન સાધવા (સુખી થવા) જ અજ્ઞાની પરને પોતાના માને છે ને જ્ઞાની આત્માને પોતાનો માને છે.

❀ આત્માનો આનંદ જ સરસ છે, બાકી બધું કસર છે. (કસર=કાઢી નાખવા જેવું)

❀ અજ્ઞાનીને પુણ્યથી અનુકૂળતા મળે છે, તો પણ આકુળતા ટળતી નથી.

❀ સમતાને કાંઈ જોઈતું નથી અને મમતાને કયારેય પુરું થતું નથી.

❀ જ્યાં પુણ્ય-પાપ જ નાશવાન છે ત્યાં તેના ફળમાં મળેલી સામગ્રી નાશવાન હોય જ ને? તેમાં આશ્ચર્ય શું? વિસ્મયતા શું?

❀ અનુભવ વિદ્વતા માગે નહીં, અંતર રુચિ ને દૃષ્ટિ માગે.

❀ મારે અનુકૂળ સંયોગોમાં લલચાવું નથી અને પ્રતિકૂળ સંયોગોથી ભાગવું નથી,—બન્નેથી અલિપ્તતા કરવી છે.

❀ હે ભાઈ! પુણ્ય-પાપમાં કષાયની મંદતા–તીવ્રતા શા માટે જોવે છે? તે કષાયની એક જ જાત છે એમ જો ને? તો જ પુણ્યનો પક્ષ છૂટશે.

❀ સમ્યગ્દૃષ્ટિ વર્તમાનમાં પાપભાવમાં દેખાવા છતાં કેવળજ્ઞાન લેશે, કેમ કે મૂળ પાપનો—મિથ્યાત્વનો—ત્યાગ છે અને અજ્ઞાની વર્તમાનમાં પુણ્યભાવમાં દેખાવા છતાં નિગોદમાં જશે કેમ કે મૂળ પાપનો —મિથ્યાત્વનો—ત્યાગ નથી.

❀ જેની સાથે તદ્દન ભિન્નતા છે એવા પરદ્રવ્યનું તો લક્ષ છોડ, પણ જેની સાથે અતદ્ભાવપણું છે એવા ગુણભેદ–પર્યાયભેદનું પણ લક્ષ છોડ.

❀ આ જીવે ચૈતન્યની જાત ઓળખી નથી, તેથી તેની ભાત પર્યાયમાં પડી નથી અને તેથી સિદ્ધની નાતમાં ભળ્યો નથી.

❀ ભાઈ! એક સર્પના ભયથી કે પૈસાની લાલચથી તું પ્રમાદ છોડે છે, પણ ભવભ્રમણના ભયથી કે અનંત સુખની પ્રાપ્તિ માટે પ્રમાદ છોડતો નથી તે આશ્ચર્ય છે!!!

❀ દ્રવ્યદૃષ્ટિ થતાં પૂર્ણ દ્રવ્ય દૃષ્ટિમાં આવે, પણ તત્ક્ષણ પૂર્ણ દશા થતી નથી.

❀ આલંબનભૂત દ્રવ્ય છે ને વેદનભૂત પર્યાય છે.

❀ જ્ઞાનીને જ્ઞાયકના રસ આગળ બીજો રસ રુચતો નથી અને અજ્ઞાનીને રાગના રસ આગળ જ્ઞાયકનો રસ રુચતો નથી.

❀ જે જ્ઞાન વિભાવના દુઃખને જાણી શકે તે અનુભવના આનંદને કેમ ન જાણી શકે? જો જ્ઞાન અનુભવના આનંદને ન જાણી શકે તો જ્ઞાન જ નથી.

❀ જ્ઞાનીને પૂર્ણ સ્વભાવનું લક્ષ હોવાથી અપૂર્ણતામાં અટકતો નથી અને પૂર્ણતા પ્રગટ થતાં આશ્ચર્ય લાગતું નથી.

❀ ઝેર ભલું, ઝેરધારી સર્પ સારો, અગ્નિનું સેવન સારું અથવા વનવાસ સારો, પણ જિનધર્મથી વિમુખ મિથ્યાદૃષ્ટિનો સહવાસ સારો નહીં.

❀ જેમ અજ્ઞાનીને અનુકૂળતાની વૃદ્ધિ કરવામાં જગતની કોઈ પ્રતિકૂળતા દેખાતી નથી તેમ મુનિરાજને અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ કરવામાં જંગલની કોઈ પ્રતિકૂળતા દેખાતી નથી.

❀ જેમ કોઈને ચિંતામણિ રત્ન મળ્યા પછી જગતની દરકાર હોય? તેમ જ્ઞાનીને ચૈતન્યચિંતામણિ રત્ન મળ્યા પછી જગતની દરકાર હોય?

❀ જેમ ભક્ત ભગવાનથી શોભે છે, શિષ્ય ગુરુથી શોભે છે અને વૃક્ષ ફૂલથી શોભે છે તેમ જ્ઞાન-ચારિત્ર-તપ આદિ સર્વ પરિણતિ સમ્યગ્દર્શનથી શોભે છે.

❀ એક તરફ સમકિતનો લાભ ને બીજી તરફ ત્રણ લોકના રાજ્યનો લાભ થતો હોય તો તેમાં શ્રેષ્ઠ કોણ? સમકિત. કેમ કે ત્રણ લોકનું રાજ્ય અલ્પકાળમાં છૂટી જાય છે અને સમકિતથી અક્ષય મોક્ષસુખ મળે છે.

❀ જેમ પર્યાપ્તિ એક સાથે બંધાય ને પછી ક્રમેક્રમે પૂર્ણ થાય તેમ સમ્યગ્-દર્શન થતાં એક સાથે બધા ગુણો શુદ્ધ થાય ને પછી ક્રમેક્રમે પૂર્ણ થાય.

❀ આ જીવ કષાયના તાપથી તપ્ત છે, વિષયના રોગથી મૂર્છિત છે અને અનિષ્ટ સંયોગથી ખેદખિન્ન છે.—આ બધાનું પરમ હિતકારી ઔષધ કયું? સમકિત.

❀ સમકિત સહિત નરકવાસ પણ શ્રેષ્ઠ છે, પરંતુ સમકિત રહિત સ્વર્ગવાસ પણ શોભતો નથી. કેમ કે સમકિત વગર સ્વર્ગમાં પણ દુઃખ છે. જ્યાં સમકિત ત્યાં સુખ.

❀ જે જીવ ભાગ્યશાળી—પુણ્યવંત હશે તેને તત્ત્વની વાત સાંભળવા મળશે ને જે જીવ પુરુષાર્થી—રુચિવંત હશે તેને તત્ત્વ અંતરમાં ઉતરશે.

❀ જ્ઞાનીને પુણ્ય કે પુણ્યના ફળમાં સુખબુદ્ધિ કેમ નથી? કેમ કે પુણ્ય તો ચારિત્ર ગુણથી—સ્વભાવથી—વિરુદ્ધ ભાવ છે. તો પછી સ્વભાવથી વિરુદ્ધ ભાવમાં સુખબુદ્ધિ—સારાપણું—કેમ હોય?

* * *

# ❀ મીઠી ભલામણ ❀

ભાઈ! બોધ પ્રાપ્ત કરજે, ક્રોધ નહીં.

ભાઈ! સિદ્ધિનો (સિદ્ધદશાનો) પુરુષાર્થ કરજે, પ્રસિદ્ધિનો નહીં.

ભાઈ! સમ્યગ્દર્શન આત્મદર્શન માટે છે, પ્રદર્શન માટે નહીં.

ભાઈ! રાગમાં આ સારો ને આ ખરાબ એવો ભાગ પાડીશ નહીં.

ભાઈ! ભ્રમણાથી પરિભ્રમણ થશે એ વાતની ખબર છે?

ભાઈ! ભ્રમણાને ભાંગીશ તો ભગવાનને ભાળીશ.

ભાઈ! રાગમાં સજા છે, મજા નહીં.

ભાઈ! રંગનો (પુદ્‌ગલનો) રાગ કરીશ નહીં.

ભાઈ! અસંગી થઈને આત્માનો સંગ કરજે.

ભાઈ! રાગાદિ મળ નાશ કરવાની કળ આવડે છે?

ભાઈ! કર્તાપણું એ મરણ છે અને જ્ઞાતાપણું એ જીવન છે.

ભાઈ! જાણવાયોગ્ય જ્ઞેયનો જ્ઞાતા રહેજે, કર્તા થતો નહીં.

ભાઈ! જ્ઞાન કરવામાં જ માલ છે, રાગ કરવામાં કાંઈ કમાલ નથી.

ભાઈ! નિયમથી કરવાયોગ્ય કાર્યને—રત્નત્રયને—કરજે અને નિયમથી જાણવાયોગ્ય આત્માને જાણજે.

ભાઈ! જતાં પહેલાં (મરણ પહેલાં) જાગી જજે.

ભાઈ! તું સિદ્ધ છો, બુદ્ધ છો, શુદ્ધ છો, અબદ્ધ છો.

ભાઈ! તારે આરામ કરવો છે? આતમરામમાં રમણતા કર.

ભાઈ! શુભરાગ પણ આર્તધ્યાન છે, ધર્મધ્યાન નહીં.

ભાઈ! આત્મજ્ઞાન કરજે, માન-અભિમાન નહીં.

ભાઈ! આત્માને નમન કરજે, જનમ ટળી જશે.

ભાઈ! સંગ કરજે, અસંગી થવા અને વિચાર કરજે, નિર્વિચાર થવા.

ભાઈ! પ્રશસ્ત કે અપ્રશસ્ત—સમસ્ત વિભાવ પરાસ્ત કરવા જેવા છે.

ભાઈ! જ્ઞાનીનો ભગત થજે, જગતનો નહીં.